# એકમ-1

# અર્થશાસ્ત્ર : આંતરવિદ્યા શાખાકીય અને બહુવિદ્યા શાખાકીય

-: રૂપરેખા :-

1.1 આંતરવિદ્યા શાખાકીય અને બહુવિદ્યા શાખાકીય વિષયનો અર્થ

1.2 અર્થશાસ્ત્ર અને મનોવિજ્ઞાન

1.3 અર્થશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર

1.4 અર્થશાસ્ત્રમાં રાજકીય વિજ્ઞાનનું યોગદાન

1.5 રાજકીય વિજ્ઞાનમાં અર્થશાસ્ત્રનું યોગદાન

1.6 અર્થશાસ્ત્ર અને ઈતિહાસ

1.7 અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર

1.8 અર્થશાસ્ત્ર અને ભૂગોળ

1.9 અર્થશાસ્ત્ર અને વસ્તીશાસ્ત્ર

1.10 Social – Economic

1.11 બહુવિદ્યા શાળાકીય અભ્યાસ

1.12 જાહેર વિત્ત વ્યવસ્થા

1.13 અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર

1.14 અર્થશાસ્ત્ર અને આરોગ્ય

1.15 અર્થશાસ્ત્ર અને પર્યાવરણ

1.16 અર્થશાસ્ત્ર અને કાયદો

1.17 બિઝનેશ એડમિનિસ્ટ્રેશન (ધંધાકીય સંચાલન)

1.18 અર્થશાસ્ત્ર અને માસ્ટર ઑફ સોશિયલ વર્કર (M.S.W.)

1.19 અર્થશાસ્ત્ર અને ધર્મ

1.20 સમીક્ષા

**પ્રસ્તાવના :**

સામાન્ય શિક્ષણ સ્તર સુધી જે તે વિષયનો અભ્યાસ જે તે વિષય પૂરતો સીમિત હોય છે તે યોગ્ય છે. પરંતુ ઉચ્ચ અભ્યાસમાં આંતર વિદ્યાકીય તેમજ બહુવિદ્યાકીય અભ્યાસ જરૂરી ગણાય. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દ્વારા આંતર અને બહુવિદ્યાકીય અભ્યાસને વિશેષ મહત્ત્વ અપાય છે. વિશેષ કરીને સંશોધનક્ષેત્રે આંતર અને બહુવિદ્યાકીય અભ્યાસ ઉપર ભાર મૂકવામાં આવે છે. ઘણા વિષયોમાં આર્ટ્સમાં જુદા જુદા વિષયો એ જુદી જુદી વિદ્યાશાખાઓને સાંકળીને સંશોધન કરવામાં આવે છે. અને સમાજ માટે તે વધુ ઉપયોગી હોય છે.

કોઈપણ વિષયનો અભ્યાસ એ શુદ્ધ રીતે વિષય પૂરતો સીમિત હોય તેવું બનતું નથી. કોઈપણ વિષયને અન્ય વિષયો સાથે વધતો ઓછો સંબંધ હોય છે. એક જ વિદ્યાશાખાના જેમ કે, આર્ટ્સના જુદા જુદા વિષયો એકબીજા સાથે સંકળાયેલાં હોય છે.

આર્ટ્સના બે વિભાગ પડે છે. (1) Humanities એટલે કે ભાષાઓ (2) Social Sciences – સામાજિક વિજ્ઞાનો. ઘણે અંશે ભાષાઓ એકબીજા સાથે સંકળાયેલી હોય એ રીતે સામાજિક વિજ્ઞાનો એક બીજા સાથે સંકળાયેલાં હોય છે. તેથી કોઈપણ એક વિષયનો અલાયદો (અલગ) અભ્યાસ કરવા સાથે અન્ય વિષયો સાથે સંલગ્નતામાં અભ્યાસ જરૂરી ગણાય. બહુવિદ્યાકીય અભ્યાસનું પણ મહત્ત્વ છે. જેમ કે કોઈ એક વિષય એ પોતાના જે-તે વિદ્યા શાખાના અન્ય વિષયો સાથે સંબંધિત હોય તેમ અન્ય વિદ્યાશાખાઓ સાથે પણ સંબંધિત હોય છે.

## 1.1 આંતરવિદ્યા શાખાકીય અને બહુવિદ્યા શાખાકીય વિષયનો અર્થ :

સામાન્ય રીતે શિક્ષણમાં વિવિધ વિષયોને અલગ અલગ અભ્યાસક્રમમાં ગોઠવીને શીખવવામાં આવે છે. જેમ કે અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી ઇતિહાસ, રસાયણ શાખા ભૌતિકશાસ્ત્ર, ગણિત શાખા વાણિજ્ય, કાયદો (લૉ) વગેરે જુદા જુદા વિષયોના ચોક્કસ અભ્યાસક્રમ હોય અને તેનો અલગ-અલગ અભ્યાસ કરવામાં આવે છે.

વિવિધ વિષયો એકબીજાથી તદ્દન અલગ હોતા નથી પરંતુ જુદા જુદા વિષયો અમુક અંશે એકબીજા સાથે સંબંધ ધરાવે છે જોકે. બધા જ વિષયો અરસપરસ સંબંધ ધરાવે તે જરૂરી નથી. પરંતુ કેટલાક વિષયો અમુક વિષયો સાથે વધતે-ઓછે અંશે જોડાયેલાં હોય છે.

વિષયોમાં એકબીજા સાથેનો વધતો-ઓછો સંબંધ બે પ્રકારે હોય છે : (1) આંતરવિદ્યાકીય સંબંધ અને (2) બહુવિદ્યાકીય સંબંધ.

● **અંતર વિદ્યાકીય અભ્યાસ :**

આંતર વિદ્યાકીય સંબંધ એટલે એક જ વિદ્યાશાખાની અંતર્ગત આવતા જુદા-જુદા વિષયોનો એકબીજા સાથેનો સંબંધ. જેમ કે, વિનયન વિદ્યાશાખાના વિવિધ વિષયો અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, ઇતિહાસ, ભૂગોળ, રાજ્યશાસ્ત્ર વગેરે પૈકી કોઈ એક વિષયનો બીજા વિષય સાથેનો સંબંધ. વિજ્ઞાન વિદ્યાશાખાના જુદા-જુદા વિષયો રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, જીવવિજ્ઞાન, વનસ્પતિશાસ્ત્ર વગેરેનું એકબીજા સાથેનો સંબંધ. વાણિજ્ય વિદ્યાશાખામાં સેક્રેટરિયલ પ્રૅક્ટિસ, બેંન્કિંગ, વેપારી કાયદો, નામા પદ્ધતિ અને ઑડિટ વગેરેનો એકબીજા સાથેનો સંબંધ. એ જ રીતે મૅડિકલ, ટૅક્નોલૉજી, એન્જિનિયરિંગ વગેરે વિદ્યાશાખાઓ અંતર્ગત આવતા વિવિધ વિષયોને વધતે-ઓછે અંશે એકબીજા વિષયો સાથે સંબંધ હોય છે. આમ, એક જ વિદ્યાશાખાના જુદા જુદા વિષયોના સંબંધોને આધારે થતો અભ્યાસ એ આંતર વિદ્યાકીય અભ્યાસ કહેવાય છે.

● **બહુવિદ્યાકીય અભ્યાસ :** કોઈ એક વિદ્યાશાખાના કોઈ વિષય સાથે બીજી વિદ્યાશાખાના કોઈ વિષય સાથે સંબંધ હોય અને આ બે જુદી જુદી વિદ્યાશાખાઓના વિષયો સંદર્ભે અભ્યાસ કરવામાં આવે તે બહુ વિદ્યાકીય અભ્યાસ કહેવાય. આ સિવાય કોઈ એક વિદ્યાશાખાનો વિષય બીજી વિદ્યાશાખાઓમાં પણ શીખવો આવશ્યક ગણાતો હોય તથા બીજી વિદ્યાશાખાના અન્ય વિષયોમાં પણ તેનો ઉપયોગ થતો હોય તો તેવો અભ્યાસ બહુવિદ્યાકીય અભ્યાસ કહેવાય.

ફૅકલ્ટીના વર્તમાન વિભાગીય જોડાણને ધ્યાનમાં લીધા વિના સામાન્ય રુચિઓ જેમ કે, બાળકોની સુખાકારી, શાંતિ, ટૅક્નોલૉજી અને જીવન અથવા પાણી વગેરેની માન્યતા ઉપર ભાર મૂકવા માટે શ્રી નીલ રૂડેનસ્ટીન (જેઓ હાર્વર્ડના પ્રમુખ હતા) કરી હતી. તેમના મતે "બહુવિધ દષ્ટિકોણથી મુદ્દાઓની તપાસ કરવી અને સમગ્ર શાખાઓમાંથી આંતરદષ્ટિને એકીકૃત કરવી તેમજ આંતરશાખાકીય વિચારસરણીને મુંઝવતા મુદ્દાઓની ઊંડી સમજણ તરફ દોરી જશે અને આંતરિક આર્થિક સંશોધન અને સૂચના વધુ ને વધુ આંતર શાખાકીય

બની રહી છે.''

અર્થશાસ્ત્રને સામાજિક વિજ્ઞાન તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. આ દષ્ટિકોણથી અર્થશાસ્ત્રને રાજકીય વિજ્ઞાન, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને માનવશાસ્ત્રનો શૈક્ષણિક સંબંધ છે. આ તમામ વિદ્યાશાખાઓ વ્યક્તિગત રીતે અને જૂથોમાં મનુષ્યના વર્તનનો અભ્યાસ કરે છે. તેઓ મનુષ્યોની ક્રિયાઓ અને ક્રિયા-પ્રતિક્રિયાઓના વિવિધ ઉપગણોનો અભ્યાસ કરે છે.

## 1.2 અર્થશાસ્ત્ર અને મનોવિજ્ઞાન :

અર્થશાસ્ત્ર માનવીની આર્થિક પ્રવૃતિનો અભ્યાસ કરે છે. જ્યારે મનોવિજ્ઞાન માનવીના વર્તનનો અભ્યાસ કરે છે. બંને વિદ્યાશાખા એટલો બધો ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે કે બંનેને અલગ પાડી શકાય તેમ નથી. બંને ખૂબ જ નજીકથી સંબંધિત છે. આર્થિક મનોવિજ્ઞાન એ મનોવિજ્ઞાન અને અર્થશાસ્ત્ર વચ્ચેના આંતરસંબંધોથી આંતર શાખાકીય તપાસ કરે છે. તે વ્યક્તિઓના આર્થિક વર્તણૂંકોના મનોવૈજ્ઞાનિક આધાર અને વ્યક્તિના મનોવિજ્ઞાન ઉપર આર્થિક પ્રક્રિયાઓની અસરો સાથે સંબંધિત છે.

એજવર્થનું સાયકો-ઈકોનોમિક્સ જેવોન્સ દ્વારા ખૂબ જ પ્રભાવિત હતું. આધુનિક વર્તણૂકીય અર્થશાસ્ત્રમાં અવલંબન, નુકસાનથી અણગમો, અનુકૂલન, એન્ડોમેન્ટ ઈફેક્ટ અને ફ્રેમિંગ ઈફેક્ટ્સ જેવી વિભાવનાઓ સામાન્ય છે. નવા વર્તણૂકીય અર્થશાસ્ત્રમાંથી ઉદ્ભવતા કેટલાંક વધુ તાજેતરના મૉડેલો સ્પષ્ટપણે ન્યૂરો સાયન્સ અને જ્ઞાનાત્મક મનોવિજ્ઞાનના તારણો પર આધારિત છે. તેમનો ઉદ્દેશ આર્થિક સુસંગતતાની ઘટનાઓ લાવવા માટે સમજશક્તિ અને લાગણી કેવી રીતે ક્રિયા પ્રતિક્રિયા કરી શકે છે. તેની વધુ સારી સમજ પ્રદાન કરવાનો છે. જેમ કે સહકાર, ઈન્ટરટેમોરલ પસંદગી અને જોખમી નિર્ણય વગેરે.

મનોવૈજ્ઞાનિક તારણો પ્રત્યે નવેસરથી રુચિનો બીજો સ્રોત વ્યક્તિલક્ષી સુખાકારી (અથવા સુખી અર્થશાસ્ત્ર-Happiness Index) પર સંશોધનના ઉદય સાથે સંબંધિત છે. આ પ્રમાણમાં નવું ક્ષેત્ર મનોવિજ્ઞાન અને ખાસ કરીને હકારાત્મક મનોવિજ્ઞાન સાથે સ્પષ્ટ કડી ધરાવે છે. ક્ષેત્રના મુખ્ય ખ્યાલો જેમ કે જીવન સંતોષ, હકારાત્મક અને નકારાત્મક અસર, જીવનની ગુણવત્તા તેમજ મુખ્ય પ્રવાહના અર્થશાસ્ત્રમાં મનોવિજ્ઞાન સાથેની ક્રિયા-પ્રતિક્રિયાઓનો લાંબો ઈતિહાસ છે.

માનવ સ્વભાવના પ્રશ્નો અર્થશાસ્ત્ર માટે મહત્ત્વપૂર્ણ છે. કારણ કે તે આર્થિક બાબતોમાં હેતુઓ અને વર્તનની તપાસ કરવામાં મદદ કરે છે. મનોવૈજ્ઞાનિક અભિગમ અર્થશાસ્ત્ર સાથે સંબંધિત છે કે વર્તન અને પરિવર્તનને સમજાવવા માટે વધુ વાસ્તવિક આધાર પૂરો પાડે છે. 18મી સદીથી અર્થશાસ્ત્રીઓએ સામાન્ય રીતે માનવ સ્વભાવ વિશેના સિદ્ધાંતો અને વિચારો પર તેમના પોતાના આર્થિક સિદ્ધાંતોની સ્થાપના કરી છે. તદ્અનુસાર મનોવૈજ્ઞાનિક પાયાથી સ્વતંત્ર ન હતુ. પીટર્સ અર્લ 2005માં દર્શાવે છે કે ''જો આપણે કોઈ વ્યક્તિના તર્કમાં વધુ ઊંડાણપૂર્વક તપાસ કરીશું તો પહેલાં કે પછી તેના ભાવનાત્મક કેન્દ્ર સુધી પહોંચી જશે અને વ્યક્તિ માટે કોઈ ચોક્કસ મુદ્દો શા માટે મહત્ત્વપૂર્ણ છે તેનો આધાર સ્પષ્ટ કરી શકશે નહીં શકાશે. મનોવૈજ્ઞાનિક અર્થશાસ્ત્રનું આ પાસું એડમ સ્મિથ અને ડેવિડ હ્યુમની અંતર્જ્ઞાન સાથે ખૂબ જ સુસંગત છે. વ્યક્તિગત આર્થિક વર્તણૂકના મૉડેલની ધીમે ધીમે રચના થઈ. આનંદ અથવા સંતોષના સ્વાર્થી મહત્તમકરણની સાથે મૂલ્યના સિદ્ધાંતમાં સીમાંત ઉપયોગીતાનો ખ્યાલ કેન્દ્રીય હતો. સુખવાદની ફિલસૂફી અને મનોવિજ્ઞાનને તેમના મુખ્ય પ્રભાવ તરીકે સ્વીકાર્યું છે.''

અર્થશાસ્ત્ર વિષયના અભ્યાસમાં ખાસ કરીને માઈક્રો ઈકોનોમિક્સમાં એકમલક્ષી અભ્યાસમાં વ્યક્તિના વ્યવહાર ઉપર ભાર મૂકાય છે અને તેમાં મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતોનો ઉપયોગ થાય છે. તુષ્ટિગુણ એ માનસિક ખ્યાલની સાથે આર્થિક ખ્યાલ પણ છે. તેનો અભ્યાસ અર્થશાસ્ત્ર અને મનોવૈજ્ઞાનિકો બંને કરે છે. તેવી જ રીતે ઘટતો સીમાંત તુષ્ટિગુણ, સમ સીમાંત તુષ્ટિગુણ, ગ્રાહકનો મહત્તમ સંતોષ, ગ્રાહકની સમતુલા જેવા મુદ્દાઓ મનોવિજ્ઞાનના નિયમો સાથે સંકળાયેલા છે. આથી મનોવિજ્ઞાનના નિયમોને સમજવાની જરૂર હોય છે. જે એકમલક્ષી અર્થશાસ્ત્રમાં સિદ્ધાંતો સમજવામાં ઉપયોગી થાય છે.

મનોવિજ્ઞાન અર્થશાસ્ત્રના સિદ્ધાંતોમાં મદદરૂપ બને છે. તે આંતરવિદ્યાશાખાકીય વિષય ગણી શકાય. સાથે સાથે મનોવિજ્ઞાન એ સાયકાસ્ટીટ એટલે કે માનસિક રોગ સાથે સંકળાયેલ હોવાથી તબીબી વિજ્ઞાન સાથે પણ જોડાયેલ છે. આથી એ બહુવિદ્યાશાખાકીય વિષય ગણાય. આમ, મનોવિજ્ઞાન આંતરવિદ્યા શાખાકીય અને બહુવિદ્યા શાખાકીય અભ્યાસનો વિષય ગણાય. પરંતુ અર્થશાસ્ત્ર સાથે તેનો સંબંધ આંતરવિદ્યા શાખાકીય અભ્યાસ અંગેનો છે.

## 1.3 અર્થશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર :

અર્થશાસ્ત્રને રાજનીતિ દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે. તે હંમેશાં યોગ્ય આર્થિક નીતિઓ અને લક્ષ્યોને સુરક્ષિત કરવા માટે રાજકીય વિજ્ઞાનની મદદ લે છે. આમ રાજકીય વિજ્ઞાન અને અર્થશાસ્ત્ર એ બે અત્યંત પરસ્પર આધારિત સામાજિક વિજ્ઞાન છે. બંનેને અલગ કરી શકાય નહિ. રાજકીય વિજ્ઞાન અને અર્થશાસ્ત્રમાં સંયુક્ત મુખ્ય વિદ્યાર્થીઓને અર્થશાસ્ત્રના અભ્યાસ સાથે રાજકારણ અને સરકારના અભ્યાસને એકીકૃત કરવાની તક આપે છે. વિદ્યાર્થીઓ અર્થશાસ્ત્રના મુખ્ય અભ્યાસક્રમો સાથે રાજકીય વિજ્ઞાનના મુખ્ય અભ્યાસક્રમો પૂર્ણ કરે છે. જે મેક્રો ઈકોનોમિક (સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર) અને માઈક્રો ઈકોનોમિક્સ (એકમલક્ષી અર્થશાસ્ત્ર) બંને દૃષ્ટિકોણને આવરી લે છે.

અર્થશાસ્ત્ર અને પોલિટિકલ સાયન્સ વચ્ચેનો મુખ્ય તફાવત એ છે કે અર્થશાસ્ત્ર એ ચોક્કસ પ્રદેશમાં વ્યાપારી પ્રવૃત્તિઓના અભ્યાસ સાથે વધુ સંબંધિત છે અને પોલિટિકલ સાયન્સ કોઈ પણ પ્રદેશની રાજનીતિના અભ્યાસ સાથે વધુ સંબંધિત છે. રાજકીય અર્થતંત્ર એ આર્થિક અને રાજકીય (દા.ત. કાયદો, સંસ્થાઓ, સરકાર) સિસ્ટમો કેવી રીતે જોડાયેલા છે તેનો અભ્યાસ છે. રાજકીય અર્થતંત્ર વિકાસ, વિતરણ, અસમાનતા અને વેપાર જેવી મેક્રો ઈકોનોમિક ઘટનાઓનો અભ્યાસ કરે છે અને આ ઘટના સંસ્થાઓ, કાયદાઓ અને રાજકીય વર્તન દ્વારા આકાર લે છે. રાજકીય અર્થતંત્ર તેના આધુનિક સ્વરૂપમાં આંતર શાખાકીય ક્ષેત્ર તરીકે ગણવામાં આવે છે. જે રાજકીય વિજ્ઞાન અને આધુનિક અર્થશાસ્ત્ર બંને સિદ્ધાંત ઉપર આધારિત છે. રાજકીય અર્થતંત્રના પ્રારંભિક કાર્યોનો શ્રેય સામાન્ય રીતે બ્રિટિશ અર્થશાસ્ત્રી વિદ્વાનો એડમ સ્મિથ, થોમસ માલ્થસ અને ડેવિડ રિકાર્ડોને આપવામાં આવે છે.

સામાન્ય રીતે રાજકીય અર્થતંત્ર, રાજકીય સંસ્થાઓ, રાજકીય વાતાવરણ અને આર્થિક વ્યવસ્થા - મૂડીવાદી, સમાજવાદી, સામ્યવાદી અથવા મિશ્ર અર્થતંત્ર એકબીજાને પ્રભાવિત કરે છે. અર્થશાસ્ત્રીઓ અને રાજકીય વૈજ્ઞાનિકો ઘણીવાર રાજકીય અર્થતંત્રને તર્કસંગત-પસંદગી ધારણાઓનો ઉપયોગ કરીને અભિગમો સાથે સાંકળે છે. રાજકીય વિજ્ઞાન અને અર્થશાસ્ત્ર વચ્ચે ગાઢ સંબંધ છે. કારણ કે પહેલાના સમયના અર્થશાસ્ત્રને રાજકીય વિજ્ઞાનનો એક ભાગ માનવામાં આવતું હતું અને તેને રાજકીય અર્થતંત્ર કહેવામાં આવતું હતું. અર્થશાસ્ત્રી એડમ સ્મિથે 18મી સદીમાં અર્થશાસ્ત્રને સ્વતંત્ર વિષય બનાવ્યો. તેથી

જ તેમને અર્થશાસ્ત્રના જનક કે પિતા કહેવામાં આવે છે.

## 1.4 અર્થશાસ્ત્રમાં રાજકીય વિજ્ઞાનનું યોગદાન :

રાજકીય વિજ્ઞાન નીચેની રીતે અર્થશાસ્ત્રમાં ફાળો આપે છે. (1) આર્થિક પ્રગતિ માટે રાજકીય સ્થિરતા આવશ્યક છે. (2) રાજ્ય આર્થિક નીતિઓ ઘડે છે. (3) રાજ્ય આર્થિક નીતિઓ લાગુ કરે છે. (4) આર્થિક વ્યવસ્થા રાજ્ય દ્વારા નિર્ધારિત કરવામાં આવે છે. (5) આર્થિક સમસ્યાઓનો રાજકીય ઉકેલ આવે છે. (6) રાજ્ય વપરાશ, ઉત્પાદન અને વહેંચણી (વિતરણ)ને લગતા નિયમો બનાવે છે.

## 1.5 રાજકીય વિજ્ઞાનમાં અર્થશાસ્ત્રનું યોગદાન :

અર્થશાસ્ત્ર નીચેની રીતે રાજકીય વિજ્ઞાનમાં ફાળો આપે છે. (1) આર્થિક સ્થિતિ માણસની રાજકીય સ્થિતિને પ્રભાવિત કરે છે. (2) આર્થિક અસમાનતાઓ ક્રાંતિને જન્મ આપે છે. (3) રાજકીય વિચારધારાઓ એ આર્થિક સ્થિતિનું પરિણામ છે. (4) આર્થિક વ્યવસ્થા સરકારની નીતિઓને પ્રભાવિત કરે છે. (5) લોકશાહીની સફળતા માટે આર્થિક સમૃદ્ધિ આવશ્યક છે. (6) આર્થિક પ્રવૃત્તિઓ રાજ્યની ઉત્પત્તિ માટે જવાબદાર છે.

આમ, અર્થશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર એ સામાજિક વિજ્ઞાનની આંતર શાખાકીય શાખા છે. જે વ્યક્તિઓ, સરકારો અને જાહેર નીતિ વચ્ચેના આંતરસંબંધો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

U.P.S.C. વહીવટી અધિકારી, સ્ટેટ સિલેક્શન કમિટી પછી તે ટ્રેનિંગ અધિકારીઓની આવે છે. તેમાં પ્રશાસનમાં આર્થિક પ્રશ્નો સંદર્ભે કેન્દ્ર અને રાજ્ય સરકારની નીતિઓ કૃષિ, કાયદા, શિક્ષણ, બાળમજૂરીને લગતા વિષયો ઉપર ભાર મૂકવામાં આવે છે.

અર્થશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર બંને વિષયોનો જૂના જમાનામાં અલગ-અલગ અભ્યાસ થતાં હતા. એડમ સ્મિથે ઇ.સ. 1776માં પોલિટિકલ સાયન્સ અને અર્થશાસ્ત્રનો અભ્યાસ કર્યો છે. અર્થશાસ્ત્ર કલ્યાણ સાથે અને રાજ્યશાસ્ત્ર લોકોની સુખાકારી, લોકોનું જીવનધોરણ તેમજ લોકોને બેઝિક ફેસેલીટી (પાયાની જરૂરિયાતો) વધુ મળે તો અર્થશાસ્ત્ર પ્રગતિ કરે છે. દેશનો આર્થિક વિકાસ સ્થિરતા સાથે જરૂરી છે અને તે ત્યારે જ શક્ય બને કે દેશમાં રાજકીય સ્થિરતા હોય. જો સરકાર ઝઘડે તો લોક કલ્યાણના કામો કરી ન શકે. સરકાર કાયદા કરે અને પ્રજામાં તેનો અમલ વ્યવસ્થિત રીતે કરાવે તો આર્થિક સ્થિરતા સાથે આર્થિક પ્રગતિ થશે. રાજ્યની માટે માળખાકીય સુવિદ્યા ઊભી કરવા માટે સરકારે કૃષિ, ઉદ્યોગ, સેવાક્ષેત્ર તેમજ ઔદ્યોગિક વિકાસ, આયાત-નિકાસ વગેરે જેવી દેશના આર્થિક વિકાસની Policy રાજ્ય સરકાર બનાવે છે. વાઈબ્રન્ટ સરકારની પૉલિસીને પ્રૅક્ટિકલ અમલ ન કરે તો તેનો કોઈ અર્થ નથી. સરકારની પૉલીસીથી લોકોની આવકો ઊંચી જાય, તેથી લોકોની આર્થિક સ્થિતિમાં સુધારો આવે છે. માટે સરકારની પૉલીસીઓનો અમલ થવો જરૂરી છે. ભારત સરકારના કંટ્રોલ સાથે વ્યક્તિગત ઉત્પાદનના સાધનોની માલિકી હોય છે, એટલે કે મિશ્ર અર્થતંત્ર રાજ્ય સરકારે અપનાવ્યું છે. મૂડીવાદ અને સમાજવાદની મર્યાદાઓને ધ્યાને લઈ ભારત સરકારે એટલે કે રાજ્ય સરકારે મિશ્ર અર્થતંત્રવાળી આર્થિક પદ્ધતિ અપનાવી છે. આર્થિક સમસ્યાઓનું સોલ્યુશન પોલિટિક સાયન્સ પાસે છે. મજૂરના શોષણ માટે વ્યવસ્થિત વેતન (લઘુત્તમ વેતનના કાયદા કે જે રાજ્ય સરકાર ઘડે છે) આપવા માટે બેઝિક જરૂરિયાત માટે Labour Econimics ના સિદ્ધાંતો વડે રાજ્ય સરકાર તેનું સોલ્યુશન લાવશે. સરકાર વિવિધ પ્રકારની ફેસિલિટી આપશે. દેશમાં ગરીબી, બેકારી, ફુગાવો, આવકની અસમાનતા, મંદી જેવી સમસ્યાઓનો ઉકેલ રાજ્ય સરકારો નાણાકીય,

રાજકોષીય, વહીવટીય નીતિઓના ઘડતર વડે સમાધાન કરશે. આ માટે સરકારનો હસ્તક્ષેપ જરૂરી છે. આર્થિક અસમાનતા માટે ક્રાંતિ જન્મે છે. જે સરકારને ઉથલાવી શકશે. દા.ત. ફ્રાંસ, રશિયા, અમેરિકા વગેરે દેશોમાં આર્થિક અસમાનતા, ગરીબી, ભૂખમરો વગેરેને કારણે ક્રાંતિઓ સર્જાઈ અને રાજકીય ઉથલપાથલ મચી જવા પામી. સરકારને ઉથલાવવાની તાકાત આર્થિક દૃષ્ટિકોણથી મજબૂત બને છે. આમ રાજ્ય વિચારધારા માટે આર્થિક સ્થિતિ આઉટ કમ છે. સરકાર જે પૉલિસી બનાવશે તે આર્થિક પદ્ધતિ ઉપર જ બનાવશે. આમ, અર્થશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર બંને એકબીજાના પરસ્પર હિતેચ્છુ છે. આથી તેનો અભ્યાસ કરવો અને બંને વિષયને સમજવા અતિ આવશ્યક છે.

રાજ્યશાસ્ત્ર શુદ્ધ રીતે અર્થશાસ્ત્ર સાથે સંકળાયેલ આંતર વિદ્યાશાખાકીય અભ્યાસ છે.

## 1.6 અર્થશાસ્ત્ર અને ઇતિહાસ :

કોઈપણ વિસ્તારનું અર્થશાસ્ત્ર તે વિસ્તારનો ઇતિહાસ બનાવે છે. કૃષિક્રાંતિ એટલે કે આર્થિક પ્રવૃત્તિ માનવને કાયમી વસવાટ કરતી પ્રજાતિ બનાવે છે. કૃષિ પ્રવૃત્તિમાં લોખંડનો ઉપયોગ ભારતમાં મગધ સામ્રાજ્ય જેવા મોટા સામ્રાજ્યોના વિકાસ તરફ દોરી જાય છે. ઔદ્યોગિક ક્રાંતિ અર્થશાસ્ત્રના સંદર્ભમાં સંસ્થાનવાદ તરફ દોરી જાય છે. ઇતિહાસ આ ઘટનાઓનો અભ્યાસ કરે છે. તે દરેક ઘટનાને બદલામાં જુએ છે અને જ્યારે તે પેટર્ન અથવા સમાનતાઓને સ્વીકારી શકે છે. પ્રારંભિક બિંદુ હંમેશાં કેસ સ્ટડીનું વિશ્લેષણ છે. ચોક્કસ સમયગાળો પસાર થાય છે. અર્થશાસ્ત્ર એ પેટર્નનો અભ્યાસ છે. અર્થશાસ્ત્રીઓ ઘટનાઓની સમાનતા શોધે છે અને કોઈ ચોક્કસ આર્થિક સિદ્ધાંત અથવા મોડેલને સમર્થન આપે છે કે નહીં ? આર્થિક સિદ્ધાંતનો દરેક ભાગ આખરે સ્ફૂટિકીકૃત ઇતિહાસનો જ એક ભાગ છે. ઇતિહાસની ઘટનાઓમાંથી જ્ઞાનનું ઘણું ઊંડું અને અત્યાધુનિક સ્વરૂપ છે. અર્થશાસ્ત્ર અને ઇતિહાસ વચ્ચે ઘણાં લાંબા સમયથી જોડાણ રહ્યું છે. મોટા ભાગની મોટી ઐતિહાસિક ઘટનાઓ આર્થિક આધાર ધરાવે છે. સામાન્ય માણસની દૃષ્ટિએ અર્થશાસ્ત્ર એ નાણાં અથવા સંપત્તિનો પ્રવાહ છે. ઇતિહાસ એ સમયના પ્રવાહ સિવાય બીજું કંઈ નથી. તેથી અર્થશાસ્ત્ર અને ઇતિહાસ એકબીજાના પૂરક છે. ઇતિહાસના અભ્યાસક્રમમાં આર્થિક સ્થિતિ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જો કોઈ દેશ કોઈ સમયગાળામાં સંસ્કૃતિની ઊંચાઈ પ્રાપ્ત કરી શકતો હોય, તો તે વિવિધ સમયગાળામાં કોઈ દેશ અથવા વિવિધ દેશોની સારી આર્થિક સ્થિતિને કારણે થયો હોવો જોઈએ. અક્બર કે શાહજહાંના શાસનકાળમાં ભારતની આર્થિક સ્થિતિ જાણવા માટે આપણે ઇતિહાસના પાનામાંથી પસાર થવું પડશે. આર્થિક ઘટનાઓનો અભ્યાસક્રમ ઐતિહાસિક સંજોગોથી પ્રભાવિત થયો છે.

પ્રો. શુમ્પીટર માને છે કે ''આર્થિક વિચાર એ આર્થિક વિષયો અને ખાસ કરીને જુદા જુદા સમય અને સ્થાનોની જાહેર નીતિઓને લગતા તમામ અભિપ્રાયો અને ઇચ્છાઓનો સરવાળો છે.'' શુમ્પીટર વધુમાં કહે છે કે આર્થિક વિચારનો ઇતિહાસ વલણના ઐતિહાસિક પરિવર્તનો શોધી કાઢે છે. તે આર્થિક સમસ્યાઓ અને તે સમસ્યાઓના અભિગમ વિશે પણ બોલે છે. આર્થિક વિચારો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે દેશની આર્થિક પરિસ્થિતિ અને વાતાવરણથી પ્રેરિત હોય છે. વિચારો અને પર્યાવરણ સમાન રીતે મહત્ત્વપૂર્ણ છે અને તેથી ઇકોનોમિક થોટ અને ઇકોનોમિક ઇતિહાસ વચ્ચે ગાઢ સંબંધ છે.

વિશ્વના મોટા વૈશ્વિક પડકારો જેવા કે વેપારયુદ્ધ હોય, નાણાકીય કટોકટી હોય, સ્થળાંતરનું દબાણ હોય, આબોહવા પરિવર્તન હોય કે ભારે રાજકીય અનિશ્ચિતતા હોય તેમાં અર્થશાસ્ત્ર અને ઇતિહાસ અમૂલ્ય આંતરદૃષ્ટિ પ્રદાન કરે છે.

ઇતિહાસ સામાન્ય રીતે માનવજીવનની ઉત્ક્રાંતિ અને વિકાસના તબક્કાઓને ઓળખે છે. માનવજીવનના વિવિધ પાસાંઓ જેમ કે ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક તથા આર્થિક અને રાજકીય પ્રવાહોની નોંધ ઇતિહાસમાં થતી હોય છે. ઇતિહાસ એ માત્ર રાજાઓના શાસન અને તારીખોનો ઇતિહાસ નથી. પરંતુ, માનવજીવનના વિવિધ પાસાંઓના વિકાસનો અભ્યાસ છે. એ સંદર્ભમાં વિવિધ શાસનકાળ દરમ્યાન અને વિવિધ સમયગાળા દરમ્યાન અર્થવ્યવસ્થાની સ્થિતિ શું હતી તથા રાજ્યની કરવેરા, દેવા અને કલ્યાણલક્ષી નીતિઓ જે-તે સમયે કેવી હતી ? તેનું વિવરણ પણ ઇતિહાસમાં કરવામાં આવે છે. વૈદિક સમયમાં લોકોની કઈ કઈ મુખ્ય પ્રવૃત્તિઓ હતી તે ઇતિહાસમાંથી જાણવા મળે છે. વિનિમયપ્રથા, નાણા પદ્ધતિનો ઉદ્ભવ, નાણા વ્યવસ્થાનો વિકાસ, પશુપાલન, કૃષિ, બાગાયત, ગૃહ ઉદ્યોગો, લઘુ ઉદ્યોગો અને કારખાના પદ્ધતિ તથા ઔદ્યોગિક ક્રાંતિ એ માનવ સમાજનો આર્થિક ઇતિહાસ છે. પ્રાચીન સમયમાં જુદા જુદા દેશો વચ્ચેના વેપારની માહિતી, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર, ગુપ્તવંશનો સુવર્ણયુગ વગેરે બાબતો એ આર્થિક ઇતિહાસ જ ગણાય છે. અર્થશાસ્ત્રના અભ્યાસક્રમમાં ભારતની પ્રાચીન અર્થવ્યવસ્થા, ભારતની બ્રિટીશકાલીન અર્થવ્યવસ્થા, વિકસિત દેશોનો આર્થિક ઇતિહાસ, વિશેષ કરીને અમેરિકાનો આર્થિક વિકાસ એ મહત્ત્વના રસપ્રદ વિષયો ગણાય છે. ફ્રાંસની ક્રાંતિ, રોટી આધારિત ક્રાંતિ, ઈંગ્લેન્ડની ઔદ્યોગિક ક્રાંતિ, રશિયાની બોલ્શેવિક (સામ્યવાદી) ક્રાંતિ, અમેરિકાનું પશ્ચિમ તરફનું વિસ્તરણ. જાપાનની મૈજી (Maiji) વંશનો આર્થિક ઇતિહાસ એ બધા આર્થિક પરિબળો આધારિત ઇતિહાસના ઉદાહરણ છે.

ઇતિહાસ અર્થશાસ્ત્રના આર્થિક પરિબળો સાથે સંકળાયેલ હોવાથી તે આંતરવિદ્યા શાખાકીય અભ્યાસ ગણાય છે.

## 1.7 અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર :

અર્થશાસ્ત્ર સ્ટેટેસ્ટીકલ (આંકડાશાસ્ત્ર) સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલ છે. આર્થિક વિકાસના જુદા જુદા મૉડેલોમાં ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર એટલે સ્ટેટેસ્ટીકલ્સ અને કોન્ટીટેટિવ મેથડ્સનો ઉપયોગ અનિવાર્ય છે. આથી અર્થશાસ્ત્રના વિદ્યાર્થીઓએ સ્ટેટેસ્ટિક્સ અને કોન્ટીટેટિવ મેથડનો અભ્યાસ જરૂરી છે. અર્થશાસ્ત્રીઓ વર્ણનાત્મક આંકડાઓનો ઉપયોગ કરીને અર્થતંત્રની સ્થિતિ સમજવાની તેમજ ડેટા વિઝ્યુલાઈઝેશનનો ઉપયોગ કરીને અર્થતંત્રમાં વલણો શોધવામાં આંકડાશાસ્ત્ર મદદરૂપ થાય છે. વળી, આંકડાશાસ્ત્રી અર્થશાસ્ત્રીઓને રીગ્રેશન (પ્રત્યાગમન) મૉડેલ્સનો ઉપયોગ કરીને ચલો વચ્ચેના સંબંધને માપવામાં મદદરૂપ બને છે.

અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વચ્ચેનો સંબંધ જથ્થા અને કિંમત, પુરવઠો અને માંગ, આર્થિક ઉત્પાદન, G.D.P. રાષ્ટ્રોની માથાદીઠ આવક વગેરે જેવા આર્થિક ડેટાને સમજવામાં આંકડા મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આંકડાશાસ્ત્ર એ ડેટાનું વિશ્લેષણ કરી છે. અર્થમિતિ એ આર્થિક માહિતી માટે આંકડાકીય પદ્ધતિઓનો ઉપયોગ છે. બંને વિદ્યાશાખાઓમાં આવી પદ્ધતિઓ ગુણધર્મો સ્થાપિત કરવા માટે સંભાવના સિદ્ધાંત અને કોમ્પ્યૂટર સિમ્યુલેશનનો ઉપયોગ સામેલ છે. આંકડાકીય માહિતીઓનો ઉપયોગ આર્થિક આયોજનમાં થાય છે. અર્થશાસ્ત્રમાં આંકડાકીય માહિતી એક દેશના વિકાસ દરની બીજા દેશના વિકાસ દર સાથે સરખામણી કરવામાં મદદ કરે છે. અર્થશાસ્ત્ર આંકડાકીય માહિતી પરથી ઉપભોગ, ઉત્પાદન, વહેંચણી કે વિતરણ વગેરેનું મહત્ત્વ જાણી શકાય છે. અર્થશાસ્ત્ર માટેના આંકડા ચોક્કસ આર્થિક માહિતીના સંગ્રહ, પ્રક્રિયા અને વિશ્લેષણ સાથે સંબંધિત છે. આર્થિક સિદ્ધાંતોને સમજવા અને તેનું વિશ્લેષણ કરવામાં મદદ થાય છે. તેમજ માંગ, પુરવઠો, કિંમત, આઉટપુટ વગેરે જેવા ચલો વચ્ચેના સહસંબંધને દર્શાવવામાં મદદ થાય છે. અર્થશાસ્ત્ર

એકત્રિત કરવામાં આવેલા ડેટાનો ઉપયોગ કરે છે ત્યારે આંકડાશાસ્ત્રીઓ મોટી સંખ્યામાં ડેટા એકત્રિત કરે છે. જેથી કરીને સ્થાન પરના પરિબળો વચ્ચેના સંબંધોને અસરકારક રીતે પ્રતિબિંબિત કરી શકે છે.

અર્થશાસ્ત્રીઓ સૈદ્ધાંતિક મોડેલો ડિઝાઈન કરવા અને આ મૉડેલોને ચકાસવા માટે અને અર્થતંત્ર દ્વારા જનરેટ થતાં ડેટાના જથ્થાનું અન્વેષણ કરવા અને આંકડાઓનો ઉપયોગ કરવા માટે ગણિતનો ઉપયોગ કરે છે. ગુણાત્મક નિવેદનોને માત્રાત્મક પાસું આપીને આંકડાઓ ઉત્પાદન, વપરાશ, કિંમતો, આવકનું વિતરણ, વસ્તી, બેરોજગારી અને ગરીબી જેવી આર્થિક સમસ્યાઓનું વિશ્લેષણ કરવામાં મદદ થાય છે. આર્થિક આંકડાઓને કોઈપણ ક્ષેત્ર, દેશ અથવા દેશોના જૂથોની અંદરના અર્થતંત્રનો સમાવેશ થઈ શકે છે. આર્થિક આંકડાઓ સત્તાવાર સંસ્થાઓ જેવી કે રાષ્ટ્રીય આંકડાકીય સેવાઓ, આંતર સરકારી સંસ્થાઓ જેમ કે સંયુક્ત રાષ્ટ્ર, યુરોપીયન યુનિયન અને OECD, કેન્દ્રીય બેંકો અને મંત્રાલયો દ્વારા ઉત્પાદિત ડેટા માટે સત્તાવાર આર્થિક આંકડાઓની અંદરના વિશ્લેષણો આર્થિક સંશોધનોમાં જરૂરી પ્રયોગમૂલક ડેટાનો ઉપયોગ કરે છે. પછી ભલે તે વર્ણનાત્મક હોય કે અર્થમિતિશાસ્ત્ર, તેઓ આર્થિક નીતિ અને નિર્ણય લેવા માટે મુખ્ય ઈનપુટ છે. આ વિષયમાં સૂક્ષ્મ અર્થશાસ્ત્ર, સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર, બિઝનેશ ફાઈનાન્સ, આગાહી, ડેટા ગુણવત્તા અને નીતિ મૂલ્યાંકનના વિષયો અને સમસ્યાઓના આંકડાકીય વિશ્લેષણનો સમાવેશ થાય છે. તેમાં અર્થતંત્રના અમુક ચોક્કસ પાસાંને માપવા માટે કયો ડેટા એકત્રિત કરવો અને આપેલ કોઈપણ કિસ્સામાં કેવી રીતે શ્રેષ્ઠ રીતે આંકડાઓ એકત્રિત કરવા અને તે અંગેના વિચારણાનો સમાવેશ અર્થશાસ્ત્રમાં થાય છે.

અર્થશાસ્ત્રીઓ આંકડાશાસ્ત્રના પ્રભાવથી મુક્ત રહ્યા નથી અને ક્લાયમેટ્રિક્સ નામથી નવી એક શાખા પ્રચલિત થઈ છે. જે મુજબ ગણિતનો ઉપયોગ અર્થશાસ્ત્રના લેખનમાં વધુ રમતમાં આવ્યો છે.કોઈપણ અંદાજ, અસ્પષ્ટતા અને અસ્પષ્ટતાને ટાળવા માટે અર્થશાસ્ત્રીઓ તેમના ડેટામાં ચોક્કસ હોવા માટે આંકડાઓનો ઉપયોગ કરી રહ્યાં છે. ભૂતકાળના રસપ્રદ અનુભવો બીજગણિતના સૂત્રોના ઉપયોગથી વાસ્તવિક નિયમ સ્વરૂપે અર્થશાસ્ત્રમાં પ્રસ્થાપિત થાય છે અને આ આંકડાઓનો ઉપયોગ ચોખ્ખા પરિણામ માટે વપરાય છે. અર્થશાસ્ત્રીઓના મગજ અને કલમથી વિધાનો થાય છે. પરંતુ ડેટા અથવા સ્રોતો જૂના રેકર્ડસમાંથી મળે છે. અર્થશાસ્ત્રીઓ અર્થઘટનાત્મક અને સમજૂતિત્મક કુશળતાથી આંકડાઓને / ગણિતને અર્થપૂર્ણ બનાવવા માટે ખૂબ જ જરૂરી છે. બીજા શબ્દોમાં કહીએ તો સૂત્ર દ્વારા અર્થશાસ્ત્રમાં માત્ર કાતર અને પેસ્ટનો ઉપયોગ ક્યાંકથી કેટલીક માહિતી કાપવા અને તે માહિતીને અન્યત્ર મૂકવા માટે નથી. પરંતુ એક માનસિક કાર્ય છે. જેમાં માહિતીના બુદ્ધિગમ્ય ઉપયોગ પહેલાં સામગ્રીની કઠોર શોધ થાય છે. માહિતીને બુદ્ધિગમ્ય અને ઉપયોગી બનાવવા માટે પ્રતિબિંબિત શક્તિઓ ક્લાયમેટ્રિક્સના યોગ્ય ઉપયોગથી પરિણમ્યું છે. જેને ક્વોન્ટીટીફાઈડ (કોન્ટીટેટીવ) ઈકોનોમિક્સ કહેવાય છે.

આમ, અર્થશાસ્ત્ર આંકડાશાસ્ત્રની મદદથી અર્થતંત્રની સચોટ માહિતીઓ વધુ વિશ્વસનીય રીતે રજૂ કરી શકે છે. તેમજ આંકડાઓની મદદથી ભૂતકાળની પરિસ્થિતિઓને વર્તમાન સ્થિતિ સાથે સરખાવી આર્થિક નિર્ણયો લેવામાં સરકારને, ઉદ્યોગપતિઓને, ગ્રાહકોને માર્ગદર્શન પૂરું પાડે છે. આંકડાશાસ્ત્ર પણ આંતરવિદ્યા શાખાકીય અભ્યાસ છે.

## 1.8 અર્થશાસ્ત્ર અને ભૂગોળ :

ભૂગોળમાં સામાન્ય રીતે જુદા-જુદા પ્રદેશોની ભૂરચના અને આબોહવા, પાક, લોકોની જીવનપદ્ધતિ વગેરે વિષેનો અભ્યાસ હોય છે. અર્થશાસ્ત્રમાં વિશ્વના જુદા જુદા દેશોની ડેમોગ્રાફી (વસ્તીશાસ્ત્ર), જુદા જુદા દેશોની G.D.P. (કુલ રાષ્ટ્રીય પેદાશ) તથા

માથાદીઠ આવક અને તેના વૃદ્ધિ દર ભૌગોલિક રીતે રજૂ કરવામાં આવે છે. ખાસ કરીને World Bank દ્વારા વિકાસ, વસ્તી, GDP, માથાદીઠ આવક, વૃદ્ધિ દર વગેરે સંદર્ભે નકશા સહિત માહિતી જાહેર કરવામાં આવે છે. એ જ રીતે ભૌગોલિક સંદર્ભે જુદા જુદા દેશો અને પ્રદેશોમાં વેપારી પ્રવૃત્તિઓનો અભ્યાસ પણ કરવામાં આવે છે. જુદા જુદા પ્રદેશોની આબોહવા, જમીનના પ્રકાર મુજબ પાકની તરાહનો અભ્યાસ થાય છે. જુદા-જુદા પ્રદેશોમાં ખનિજોની ઉપલબ્ધિ અનુસાર ઔદ્યોગિક વિકાસનો અભ્યાસ કરવામાં આવે છે. જે ભૂગોળ અને અર્થશાસ્ત્રનો સંબંધ દર્શાવે છે.

કેટલીક ખૂબ જ સરળ રીતો છે, જેમાં ભૂગોળ અર્થશાસ્ત્રને અસર કરે છે. દા.ત. લાંબા અંતર અને મુશ્કેલ ભૂપ્રદેશ માલ-સામાનનું વિતરણ કરવાની ક્ષમતાને અસર કરે છે. જ્યારે આબોહવા જેવા પરિબળો લોકોને જોઈતા માલ અને સેવાઓને અસર કરી શકે છે. આર્થિક ભૂગોળ એ લોકો કેવી રીતે તેમની આજીવિકા મેળવે છે, કેવી રીતે આજીવિકા પ્રણાલીઓ વિસ્તાર પ્રમાણે બદલાય છે અને આર્થિક પ્રવૃત્તિઓ અવકાશી રીતે એકબીજા સાથે કેવી રીતે સંકળાયેલી છે તેનો અભ્યાસ કરે છે. ઘણી ઉત્પાદન પ્રવૃત્તિઓ ભૌતિક પર્યાવરણ દ્વારા નિર્ધારિત મર્યાદાઓના મૂળ છે. સામાન્ય રીતે અવકાશી રસ ધરાવતાં અર્થશાસ્ત્રીઓ અર્થતંત્ર પર અવકાશની અસરોનો અભ્યાસ કરે છે. બીજી બાજુ ભૂગોળશાસ્ત્રીઓ અવકાશી માળખા પર આર્થિક પ્રક્રિયાઓની અસરમાં રસ ધરાવે છે. અર્થશાસ્ત્રીઓ અને આર્થિક ભૂગોળશાસ્ત્રીઓમાં અવકાશી આર્થિક સમસ્યાઓનો સંપર્ક કરવાની તેમની પદ્ધતિઓ ઘણી રીતે અલગ પડે છે. ભૂગોળ અર્થતંત્રને ભૌગોલિક સ્થાન અને આબોહવા, આવકના સ્તર અને આવકવૃદ્ધિ પર મોટી અસર કરે છે. અન્ય માધ્યમો વચ્ચે પરિહવન ખર્ચ, રોગના બીજ અને કૃષિ ઉત્પાદકતા પર તેમની અસરો દ્વારા ભૂગોળ પણ આર્થિક નીતિ પસંદગીઓને પ્રભાવિત કરતું હોય છે.

આર્થિક ભૂગોળ એ માનવ ભૂગોળમાં સૌથી વધુ વૈવિધ્યસભર, ગતિશીલ અને ઉત્પ્રેરક પેટા શાખાઓમાંની એક છે. તે વૈવિધ્યસભર સ્થાનો અને જગ્યાઓનું વર્ણન સમજાવવા સાથે સંબંધિત છે. જેમાં આર્થિક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. આર્થિક ભૂગોળ ઉદ્યોગોનું સ્થાન, એકત્રીકરણની અર્થવ્યવસ્થા, પરિવહન, આંતરરાષ્ટ્રીય વેપાર, વિકાસ, રિયલ એસ્ટેટ, વંશીય અર્થતંત્રો, લિંગ આધારિત અર્થતંત્રો, મુખ્ય આર્થિક અર્થતંત્રો સહિત ઘણા વિવિધ વિષયો પર વિવિધ અભિગમો અપનાવે છે. પરિધ સિદ્ધાંત શહેરી સ્વરૂપનું અર્થશાસ્ત્ર, પર્યાવરણ અને અર્થવ્યવસ્થા વચ્ચેનો સંબંધ અને વૈશ્વિકીકરણની સમજૂતી આપે છે.

માર્ક્સવાદી રાજકીય અર્થતંત્ર ડેવિડ હાર્વેના કાર્યમાંથી વિકસતું અને નવી આર્થિક ભૂગોળ જે અવકાશી અર્થતંત્રમાં સામાજિક, સાંસ્કૃતિક અને સંસ્થાકીય પરિબળોને ધ્યાનમાં લે છે. પોલ કુગમેન અને જેફરી સેક્સ જેવા અર્થશાસ્ત્રીઓએ પણ આર્થિક ભૂગોળ સાથે સંબંધિત ઘણા લક્ષણોનું વિશ્લેષણ કર્યું છે. કુગમેને આંતરરાષ્ટ્રીય વેપારના સિદ્ધાંત માટે અવકાશી વિચારસરણીના તેમના ઉપયોગને "નવી આર્થિક ભૂગોળ" તરીકે ઓળખાવ્યું હતું. જે ભૂગોળના શિસ્તની અંદરના અભિગમ સાથે સીધી સ્પર્ધા કરે છે. જેને "નવી આર્થિક ભૂગોળ" પણ કહેવામાં આવે છે. જેને ભૌગોલિક અર્થશાસ્ત્ર નામ વિકલ્પ તરીકે સૂચવવામાં આવ્યું છે.

પ્રાદેશિક આર્થિક ભૂગોળ ચોક્કસ પ્રદેશો અથવા વિશ્વના દેશોની આર્થિક સ્થિતિની તપાસ કરે છે. તે આર્થિક ક્ષેત્રીયકરણ તેમજ સ્થાનિક આર્થિક વિકાસ સાથે કામ કરે છે. ઐતિહાસિક આર્થિક ભૂગોળ અવકાશી આર્થિક માળખાના ઇતિહાસ અને વિકાસની તપાસ કરે છે. ઐતિહાસિક ડેટાનો ઉપયોગ કરીને તે તપાસ કરે છે કે વસ્તી અને આર્થિક પ્રવૃત્તિના

કેન્દ્રો તરીકે કેવી રીતે બદલાય છે. પ્રાદેશિક વિશેષતા અને સ્થાનીયકરણની કઈ પેટર્ન સમય સાથે વિકસીત થાય છે અને કયા પરિબળો આ ફેરફારને સમજાવે છે. આર્થિક ભૂગોળને કેટલીકવાર માનવ ભૂગોળની શાખા તરીકે પણ ઓળખવામાં આવે છે. જે માનવ આર્થિક પ્રવૃત્તિની પ્રાદેશિક પ્રણાલીઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. માનવ આર્થિક પ્રવૃત્તિના અભ્યાસ માટેના વિવિધ અભિગમોનું વૈકલ્પિક વર્ણન અવકાશી ક્ષણિક વિશ્લેષણ, આર્થિક વસ્તુઓના ઉત્પાદન / ઉપભોગના વિશ્લેષણ અને આર્થિક પ્રવાહના વિશ્લેષણની આસપાસ ગોઠવી શકાય છે. વિશ્લેષણની અવકાશી પ્રણાલીઓમાં પ્રદેશની આર્થિક પ્રવૃત્તિઓ, મિશ્ર સામાજિક જગ્યાઓ અને વિકાસનો સમાવેશ થાય છે. ભૂગોળશાસ્ત્રી આર્થિક પ્રવૃત્તિ પ્રણાલીના વિવિધ ભાગોમાંથી ભૌતિક પ્રવાહ, કોમોડિટી પ્રવાહ, વસ્તીપ્રવાહ અને માહિતી પ્રવાહની પણ તપાસ કરી શકે છે. પ્રવાહ અને ઉત્પાદન વિશ્લેષણ દ્વારા ઔદ્યોગિક વિસ્તારો, ગ્રામીણ અને શહેરી રહેણાંક વિસ્તારો, પરિવહન સ્થળ, વ્યાપારી સેવા-સુવિદ્યાઓ અને નાણાં અને અન્ય આર્થિક કેન્દ્રો, આર્થિક પ્રવૃત્તિ પ્રણાલીમાં એક સાથે જોડાયેલાં છે.

આમ, અર્થશાસ્ત્રીની ભૂગોળ અને ભૂગોળની અર્થશાસ્ત્ર ઉપર પરસ્પર અવલંબન અને પ્રભાવ જોવા મળે છે. આથી ભૂગોળ આંતરવિદ્યા શાખાકીય અભ્યાસ ગણી શકાય.

## 1.9 અર્થશાસ્ત્ર અને વસ્તીશાસ્ત્ર :

અર્થશાસ્ત્રમાં વસ્તી વિષયક અભ્યાસ એટલે કે. Demographic Study અગત્યનો ભાગ ગણાય ડેમોગ્રાફી અભ્યાસમાં ભૌગોલિક અભ્યાસ ખૂબ જ ઉપકારક નીવડે છે. કોઈ એક રાજયના જુદા-જુદા પ્રદેશો, તાલુકા દેશના જુદા જુદા રાજ્યો અને વિશ્વના જુદા જુદા દેશો અને ખંડો-ઉપખંડો જેવા ભૌગોલિક વિસ્તાર અનુસાર ડેમોગ્રાફીનો અભ્યાસ થાય છે. વસ્તીની અસમતુલા (Demography inbalance) કોઈપણ પ્રદેશ માટે અગત્યનો વિષય ગણાય છે.

વસ્તી સમાજના આર્થિક વિકાસ સાથે ખૂબ જ નજીકથી જોડાયેલી છે. વસ્તીની માત્રા, ગુણવત્તા, માળખું, વિતરણ અને હિલચાલ આર્થિક વિકાસના દરને મદદ કરે અથવા અવરોધે છે. ઓછી વસ્તી અને રોજગારીની નીચી ટકાવારી ધરાવતા વિકસિત દેશનો આર્થિક વિકાસ ચાલુ રાખવા માટે વસ્તી વધારો કરવાની જરૂર છે. બીજી બાજુ વધુ વસ્તી અને રોજગારીની ઊંચી ટકાવારી ધરાવતા અલ્પવિકસિત દેશ માટે વસ્તીમાં કોઈપણ વધારો તેની અર્થવ્યવસ્થા માટે હાનિકારક હશે. માણસ ઉત્પાદકની સાથે સાથે ઉપભોક્તા (વપરાશકર્તા) પણ છે. તેથી ઉત્પાદનના દર સાથે વપરાશના દરને સંતુલિત કરવા માટે ચોક્કસ વસ્તી પ્રમાણ જાળવવું આવશ્યક છે. વસ્તીનીતિ નીચેના ત્રણ દિશાનિર્દેશો અનુસાર વિકસિત થવી જોઈએ.

(1) વસ્તીનીતિ સમાજના આર્થિક વિકાસ પર આધારિત હોવી જોઈએ.

(2) અર્થતંત્ર અને વસ્તી ગાઢ રીતે સંકળાયેલી હોવાથી તે બંને એક જ સમયે કામ કરવા જોઈએ.

(3) વસ્તીના જથ્થા અને જીવનની ગુણવત્તા બંને પર એક જ સમયે કામ કરવું જોઈએ.

આમ, વસ્તી અને સમાજના આર્થિક વિકાસ વચ્ચેના સંબંધ સાથે યોગ્ય રીતે વ્યવહાર કરવાથી તે સમાજના આર્થિક વિકાસ અને જીવનધોરણમાં ઝડપી સુધારો લાવી શકાય છે. વસ્તી પરિવર્તન અને વસ્તી વિષયક વર્તણૂકના આર્થિક નિર્ણાયકોની તપાસ ઘરગથ્થુ નિર્માણ, લગ્ન, બાળજન્મ અને ઉછેર, મૃત્યુદર એમાંય ખાસ કરીને બાળમૃત્યુદર અને શાળાકીય શિક્ષણ સહિત માનવમૂડી રોકાણના સ્વરૂપો અને સ્થળાંતર એમ વિવિધ

આર્થિક અને સામાજિક તપાસ કરવા અર્થશાસ્ત્રના વિશ્લેષણાત્મક સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે.

વસ્તી વૃદ્ધિ આર્થિક વૃદ્ધિ તરફ દોરી જશે અને વધુ લોકો માલનું ઉત્પાદન કરી શકશે. તે ઊંચો દર આવક તરફ દોરી જશે જે જાહેર માલસામાન પર ખર્ચી શકાય છે. જેમ કે આરોગ્ય સંભાળ અને પર્યાવરણીય પ્રોજેક્ટ સ્પષ્ટ મૂલ્યાંકન એ નિર્ણાયક વસ્તુ GDP નથી, પરંતુ માથાદીઠ GDP છે. વસ્તી એ એક મહત્તવપૂર્ણ પરિબળ છે જે પર્યાવરણને સંતુલિત કરવામાં મદદ કરે છે. વસ્તીએ સાધનો અને સંસાધનો સાથે સંતુલન રાખવું જોઈએ. જો વસ્તી સંતુલિત હશે તો લોકોની તમામ જરૂરિયાતો અને માંગ સરળતાથી પૂર્ણ થઈ શકે છે. જે દેશના પર્યાવરણને બચાવવામાં મદદરૂપ થાય છે.

ઝડપથી વધતી વસ્તી અર્થતંત્રને સામૂહિક બેરોજગારી અને ઓછી રોજગારીમાં પરિવર્તિત કરે છે. જેમ વસ્તી વધે છે તેમ તેમ કુલ વસ્તી સાથે કામદારોનો ગુણોત્તર વધે છે. પરિણામ એ છે કે શ્રમબળમાં વધારા સાથે બેરોજગારી અને ઓછી રોજગારી વધે છે. વસ્તીવૃદ્ધિના કારણે ગીચતામાં વધારો થાય છે. ગ્રામીણ વસ્તી શહેરોમાં સ્થળાંતરિત થાય છે. શહેરીકરણને કારણે અર્થતંત્રમાં તેમના રહેઠાણ, આવાસ, આરોગ્ય, શિક્ષણ, રોજગારી, વગેરે ઉપર ઘણી અસરો થાય છે. આર્થિક બોજ વધે છે. બીજી તરફ શ્રમ પુરવઠો વધતાં ઉત્પાદન પણ વધે છે. જે આર્થિક વૃદ્ધિ કરે છે. આમ વસ્તી અને અર્થશાસ્ત્ર પરસ્પર પરાવલંબિત છે. વસ્તી વૃદ્ધિની અસર અર્થતંત્રમાં હકારાત્મક તેમજ નકારાત્મક બંને સ્વરૂપની હોઈ શકે.

વસ્તી ગણતરી સરકારને દેશના વિવિધ ભાગોમાં વિવિધ વસ્તીનો ખ્યાલ આપે છે જે બદલામાં સરકારને આવાસ, પાણી, વીજળી, રસ્તાઓ, શાળાઓ, હોસ્પિટલો જેવી સામાજિક સુવિધાઓની પૂરતી જોગવાઈમાં મદદ કરશે, જે નાગરિકો માટે ફાયદાકારક છે. તેમજ આ બધી સામાજિક સુવિધાઓને પરિણામે અર્થતંત્રમાં રોજગારીની તકો વધે છે, જે આવક સ્વરૂપે માંગમાં પરિવર્તિત થતાં અર્થતંત્રમાં ગતિશીલ બને છે. અર્થશાસ્ત્રમાં વસ્તીશાસ્ત્રનો એક અલગ વિષય જ ભણાવવામાં આવે છે. વસ્તીનું શિક્ષણ પ્રમાણ, સામાજિક દરજ્જો, કાર્યકુશળતા કે વિશેષીકરણ, શ્રમવિભાજન વગેરે અર્થતંત્રને આવકની અસમાનતા-સમાનતા વગેરેને અસર કરે છે. જે દેશમાં વસ્તી એટલે પ્રજા હોશિયાર, ઉત્સાહી, ઉચ્ચ કાર્યકુશળતા ધરાવતો શ્રમ અથવા શ્રમિક શિક્ષિત અને ટેક્નોલૉજીકલ પરિવર્તનોથી સજ્જ હોય તો તે રાષ્ટ્રની સંપત્તિ છે. દેશની રાષ્ટ્રીય પેદાશ ઊંચી હશે જેથી માથાદીઠ આવક પણ વધવા પામશે. અર્થતંત્ર વિકસિત દેશ ગણાશે. દા.ત. જાપાન. જે દેશની વસ્તી આળસુ, પ્રમાદી, પરંપરાગત વ્યવસાયો કરનાર, નિરુત્સાહી કે અશિક્ષિત વસ્તી હશે તો તે દેશની ઘણી બધી કુદરતી સંપત્તિ હોવા છતાં તે દેશનો આર્થિક વિકાસ ધીમો થશે. પરિણામે પ્રજાની રાષ્ટ્રીય આવક કે ઊંચી માથાદીઠ આવક પ્રાપ્ત કરવામાં નિષ્ફળ જશે. આમ, વસ્તી અને અર્થશાસ્ત્ર એક બીજાના સુખદુ:ખના સાથી ગણાય.

વસ્તીશાસ્ત્ર એક અલાયદો વિષય છે. જો કે એની કોઈ અલગ વિદ્યા શાખા નથી. પરંતુ વસ્તીશાસ્ત્રનો ઘનિષ્ટ સંબંધ સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર સાથે રહેલો છે. વસ્તીના વિવિધ સિદ્ધાંતો જેમ કે, ઈષ્ટ વસ્તી, માલ્થશનો વસ્તીનો સિદ્ધાંત, ગુણોત્તરનો સિદ્ધાંત, વસ્તી સંક્રાંતનો સિદ્ધાંત કે જે કોલ અને હુબરે આપ્યો હતો વગેરેમાં સામાજિક તેમજ આર્થિક પરિબળો સંકળાયેલા છે. વસ્તી વિસ્ફોટ, વસ્તી વૃદ્ધિ દર, જન્મદરના વલણો, મૃત્યુ દરના વલણો, બાળ મૃત્યુ પ્રમાણ, વસ્તી સમસ્યાના કારણો, અસરો અને ઉપાયો, વસ્તીમાં સાક્ષરતા પ્રમાણ, સ્ત્રી-પુરુષ પ્રમાણ, જાતિગત અને વર્ગગત વિષયક વસ્તી વિશ્લેષણ, પ્રાદેશિક વસ્તીના વલણો, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વસ્તીના પ્રવાહો,

પ્રજનનદર, વગેરે જેવા ઘણા મુદ્દાઓએ આર્થિક-સામાજિક પરિબળો ઉપર આધારિત છે. તેથી જ વસ્તી સમસ્યા એ સમાજશાસ્ત્રનો તેમજ અર્થશાસ્ત્રનો એક મહત્ત્વનો વિષય ગણાય છે અને સામાજિક આર્થિક પરિબળો સંદર્ભે આંતરવિદ્યા શાખાકીય સંશોધનો પણ થાય છે.

વસ્તીશાસ્ત્ર એક અલગ વિષય છે. જુદા જુદા દેશો અને પ્રદેશોના વિવિધ પાસાંઓનો અભ્યાસ અર્થશાસ્ત્ર અને વસ્તીશાસ્ત્ર બંનેમાં કરવામાં આવે છે. વસ્તી વૃદ્ધિના વલણો, જન્મ, મૃત્યુદરના વલણો, વસ્તીનું કદ, જાતિવાર વહેંચણી, શિક્ષણ પ્રમાણ, સ્ત્રી-પુરુષ પ્રમાણ, સ્ત્રી-પુરુષ અસમતુલા, પ્રજનનદર, વસ્તી વિસ્ફોટ, વસ્તીના સિદ્ધાંતો, પ્રાદેશિક વસ્તી વહેંચણી, વસ્તીની અસમતુલા, વસ્તી વિસ્ફોટના કારણો, નિયંત્રણના ઉપાયો, વસ્તી વૃદ્ધિની અસરો વગેરેનો અર્થશાસ્ત્ર અભ્યાસ કરે છે.

વસ્તીશાસ્ત્રના તમામ સિદ્ધાંતો પ્રત્યક્ષ રીતે અર્થશાસ્ત્રને સ્પર્શતા હોવાથી તે આંતર વિદ્યા શાખાકીય અભ્યાસ ગણી શકાય.

## 1.10 Social – Economic :

અલ્પવિકસિત દેશોના લક્ષણો સમાજ સાથે જોડાયેલાં છે. ઘણી સામાજિક સંસ્થાઓ જે સોશિયોલોજીનો ભાગ છે. એ અર્થશાસ્ત્રમાં પણ મહત્ત્વ ધરાવે છે. જેમ કે જ્ઞાતિપ્રથા, કુટુંબપ્રથા, લગ્ન સંસ્થા, ધાર્મિક માન્યતાઓ, સામાજિક રૂઢિચુસ્તતા અને રિવાજો, સામાજિક માન્યતાઓ આ બધાની અર્થતંત્ર ઉપર વિવિધ અસરો હોય છે. આ સિવાય ગરીબ અને પછાતવર્ગના લોકો સામાજિક પછાતપણું અને ગરીબી સાથે સંકળાયેલા છે. દ્વીપક્ષી અર્થતંત્ર એટલે કે એકબાજુ સંગઠિત ક્ષેત્રમાં ઊંચું જીવનધોરણ અને પ્રગતિશીલ વિચારસરણી. તેમજ બીજી બાજુ અસંગઠિત ક્ષેત્ર કે જેમાં નીચી આવક, નીચું જીવનધોરણ હોય છે. અર્થતંત્રના વિષયોમાં સમાજશાસ્ત્રમાં લોકો પ્રગતિશીલ, ઓછી આવકવાળા, જુદી જુદી લાઈફ-સ્ટાઈલ બધું અલગ હોય છે. સંગઠિત ક્ષેત્રનો વિશેષ પ્રભાવ સમાજમાં હોય છે. અસંગઠિત ક્ષેત્રના લોકો જૂની-પુરાણી પદ્ધતિ, પછાત માનસિકતા, પછાત વલણો હોય, જીવનપદ્ધતિ સાદી હોય છે. આમ સમાજ બે વચ્ચેની ખાઈ એ સમાજશાસ્ત્રમાંથી આવે છે. જ્યારે પણ અર્થતંત્ર કોઈપણ દેશના વિકાસ અને તબક્કાની પ્રક્રિયાઓનો અભ્યાસ થાય ત્યારે અનિવાર્યપણે સામાજિક પરિબળોનો અભ્યાસ થાય છે. સામાજિક પરિબળો અર્થતંત્ર ઉપર ખાસ કરીને વિકાસ પ્રક્રિયા ઉપર વિવિધ સ્વરૂપે અસર કરે છે. ધનિકો પ્રત્યેનો પૂર્વગ્રહ, મૂડી પ્રત્યે પૂર્વગ્રહ, નફો એ શુલ્ક છે. લોકોને લૂંટીને વધુ નફો કમાવાય છે. વ્યાજ એ લૂંટ, શોષણ અને હરામની કમાઈ છે. એવી સર્વ સામાન્ય માન્યતા પ્રવર્તે છે. આના પરિણામે ઉદ્યોગ સાહસિકતા અને વેપાર વાણિજ્ય કે જેનું અર્થતંત્રમાં ઘણું મહત્ત્વ છે. તેના પ્રત્યે લોકોમાં નકારાત્મક માન્યતાઓ પ્રવર્તે છે. વાસ્તવમાં ઉદ્યોગ સાહસિકતા એ વિકાસનું એન્જિન છે. પણ ઉદ્યોગપતિઓને લોકોના શોષણખોર તરીકે ઓળખવામાં આવે છે. આ રીતે સામાજિક પરંપરાઓ એ ઘણી જ રૂઢિચુસ્ત હોય છે અને ગતિશીલતા અને પ્રગતિશીલતા માટે આ રૂઢિચુસ્તતાઓ છોડવી જરૂરી છે. આમ, સામાજિક સંસ્થાઓ અને માન્યતાઓએ સમાજશાસ્ત્રનું મહત્ત્વનું અભ્યાસ વસ્તુ છે અને તે અર્થશાસ્ત્રમાં એક જુદા સ્વરૂપે અભ્યાસનો વિષયવસ્તુ બને છે.

અર્થશાસ્ત્રમાં સંશોધનના વિષયોમાં Socio-Economic Study એટલે કે આર્થિક-સામાજિક અભ્યાસ સ્વરૂપે M.Phil. અને Ph.D. ના અભ્યાસો થાય છે. દા.ત. (1) એક પ્રદેશની સહકારી દૂધ મંડળીઓના સભાસદોનો આર્થિક સામાજિક સ્થિતિનો અભ્યાસ (2) કોઈ એક ઉદ્યોગના કામદારોની આર્થિક-સામાજિક સ્થિતિનો અભ્યાસ (3) અમુક પાક પકવતા ખેડૂતોનો આર્થિક-સામજિક અભ્યાસ (4) ખેત મજૂરોની આર્થિક-સામાજિક

સ્થિતિનો અભ્યાસ.

મહિલાઓ પ્રત્યે ભેદભાવ અને મહિલાઓનો સામાજિક દરજ્જો એ સમાજશાસ્ત્રનો વિષય છે. પરંતુ, અર્થશાસ્ત્રમાં મહિલા સશક્તિકરણને મહત્ત્વનો વિષય ગણવામાં આવે છે. આથી જ અર્થશાસ્ત્રના ઘણા બધા સંશોધન પ્રોજેક્ટમાં મહિલાઓની આથિક-સામાજિક સ્થિતિ વિષે અભ્યાસ કરવામાં આવે છે. આમ, અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર વચ્ચે ઘનિષ્ઠ સંબંધ છે અને તેથી આંતરવિદ્યા શાખાકીય અભ્યાસોમાં અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના પરિબળોનો સંયુક્ત અભ્યાસ વધુ પ્રમાણમાં જોવા મળે છે.

## 1.11 બહુવિદ્યા શાખાકીય અભ્યાસ

બહુવિદ્યા શાખાકીય વિષયોના અભ્યાસ દ્વારા વિદ્યાર્થી વિવિધ કૌશલ્યોનું ભાથુ મેળવે છે. વિવિધ વિષયોની સમસ્યા-નિરાકરણ, જટિલ વિચારસરણી, સમગ્ર વ્યવસ્થાપન, સ્વ-વ્યવસ્થાપન, સંદેશાવ્યવહાર અને લેખન, વિશ્લેષણ અને સંશોધન પદ્ધતિ, ટીમવર્ક અને ઘણું બધુ જે સમગ્ર કાર્યમાં સરળતાથી ટ્રાન્સફર કરી શકાય છે. મલ્ટી ડિસિપ્લિનરી વિષયોના જ્ઞાનથી બહોળા પ્રમાણમાં વ્યાપક રીતે જુદા જુદા પાસાંઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે અને અસરકારક રીતે પરિણામલક્ષી સંચાલન પણ કરી શકાય છે. બહુવિદ્યા શાખાકીય અભ્યાસથી વ્યક્તિગત કુશળતાની તકો પ્રાપ્ત થાય છે અને તેનો લાભ સમાજ અને રાષ્ટ્રને પ્રાપ્ત થાય છે.

અર્થશાસ્ત્ર વિષય એ માનવીના જીવનની સૌથી મહત્ત્વની પ્રવૃત્તિ સાથે સંકળાયેલો છે. જરૂરિયાતોને સંતોષવા માટે વિવિધ આર્થિક પ્રવૃત્તિઓ તથા જીવનધોરણ સુધારવા માટે સતત ગતિશીલતા અને વિકાસ એ માનવજીવનનું ખૂબ જ મહત્ત્વનું પાસું છે. આથી અર્થશાસ્ત્ર વિષયના ચોક્કસ મહત્ત્વના મુદ્દાઓ વાણિજ્ય વિદ્યાશાખા મૅનેજમેન્ટ એટલે કે ધંધાકીય સંચાલન (મેનેજમેન્ટ) તથા એન્જિનિયરિંગ વિદ્યાશાખામાં, કૃષિ વિદ્યાશાખામાં વગેરેમાં અર્થશાસ્ત્ર વિષય શીખવાડવામાં આવે છે. વાણિજ્ય વિદ્યાશાખામાં ધંધાકીય સંચાલન, વાણિજ્યના મૂળતત્ત્વો, કંપની-કાયદાઓ, કંપની સંચાલન, બેંકિંગ, એકાઉન્ટન્ટ અને ઑડિટ જેવા વિષયો શીખવાય છે. પરંતુ વેપાર વાણિજ્ય એ પોતે જ અર્થશાસ્ત્રનો મહત્ત્વનો ભાગ છે. તેથી અર્થશાસ્ત્ર વિષય વાણિજ્ય વિદ્યાશાખાના તમામ વર્ષોમાં અનિવાર્ય રીતે શીખવાય છે. બહુવિદ્યા શાખાકીય અભિગમ વાસ્તવિક જીવનથી સમસ્યાઓની સમજ આપે છે.

## 1.12 જાહેર વિત્તવ્યવસ્થા :

સમવાયતંત્ર તથા રાજ્યના ઉદ્દેશો સાથે સંકળાયેલ હોય છે. સમયવાયક્ષેત્રે પબ્લિક ફિનાન્સ અને કરવેરા, જાહેર ખર્ચ, જાહેર દેવું, આંતરિક દેવું વગેરેના સિદ્ધાંતો તેમજ વ્યવહારિક સ્વરૂપના અભ્યાસમાં સમવાયતંત્રના સિદ્ધાંતો સમજવા વધુ જરૂરી હોય છે. કૃષિ અર્થતંત્ર એ કૃષિ વિદ્યાશાખા સાથે સંકળાયેલ છે. માનવ સુખાકારી અને માનવ સુખાકારીના ઈન્ડેક્ષ, આર્થિક વિકાસના માપદંડ વગેરે શિક્ષણ અને આરોગ્ય સાથે સંકળાયેલાં છે અને આ બધી બાબતો રાજ્યશાસ્ત્ર સાથે પણ જોડાયેલી છે. પ્રજાની આકાંક્ષાઓ અને સહકારના ઉદ્દેશો, પ્રાથમિકતાઓ સાથે જોડીને ઘણી બધી આર્થિક સમસ્યાઓ જેમ કે, ગરીબી, વસ્તી, ભાવ સમસ્યા અને બેકારીનો અભ્યાસ થવો જોઈએ. આમ, જાહેર વિત્ત વ્યવસ્થા (Public Finance) એ અર્થશાસ્ત્ર અને બહુવિદ્યા શાખાકીય અભ્યાસ છે.

## 1.13 અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર

અર્થશાસ્ત્ર એ મનુષ્યના આર્થિક જીવન વિશેના છે. જ્યારે સમાજશાસ્ત્ર નવા

સામાજિક વિજ્ઞાનની વ્યાપક શાખાના એક ભાગ તરીકે માણસના આર્થિક ખ્યાલો આપે - આસાજિક જીવનના અભ્યાસ કરે છે. અર્થશાસ્ત્ર વ્યક્તિગત પસંદગીઓ અથવા ઈચ્છાઓના આધારે માનવ ક્રિયા (વર્તણૂક) પર ધ્યાન કેન્દ્રિત કરે છે. સમાજશાસ્ત્ર ઐતિહાસિક અને સામાજિક સંદર્ભમાં માનવ ક્રિયા (વર્તણૂક) પર ધ્યાન કેન્દ્રિત કરે છે. સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર સામાજિક વિજ્ઞાન તરીકે ગાઢ સંબંધો ધરાવે છે. બંને વચ્ચેનો સંબંધ એટલો ગાઢ છે કે ઘણીવાર એકને બીજાની શાખા તરીકે ઓળખવામાં આવે છે. સર થોમસના મતે ''અર્થશાસ્ત્ર એ હકીકતમાં છે, પરંતુ સમાજશાસ્ત્રના વ્યાપક વિજ્ઞાનની એક શાખા છે.'' થોમસ અર્થશાસ્ત્રને સમાજશાસ્ત્રનો એક ભાગ ગણે છે. આર્થિક વ્યવહાર માણસની આર્થિક પ્રવૃત્તિઓ સાથે થાય છે. તે બેંકો, બજારો, વેપારી પેઢીઓ, કોર્પોરેશનો વગેરે જેવી આર્થિક સંસ્થાઓની રચના અને કાર્યનો અભ્યાસ કરે છે. આર્થિક સંબંધો સામાજિક પ્રવૃત્તિઓ સાથે ગાઢ સંબંધ ધરાવે છે. બંને એકબીજાને મદદરૂપ છે. સમાજશાસ્ત્ર આર્થિક ફેરફારોનું સામાજિક અર્થઘટન અને અર્થશાસ્ત્ર સામાજિક ફેરફારોનું આર્થિક અર્થઘટન કરી પરસ્પર મદદરૂપ બને છે. સમાજ આર્થિક પરિબળોથી ખૂબ જ પ્રભાવિત છે અને આર્થિક પ્રક્રિયાઓ મોટાભાગે સમાજના વાતાવરણ દ્વારા નક્કી કરવામાં આવે છે. અર્થશાસ્ત્ર માણસની આર્થિક પ્રવૃત્તિઓ સાથે વ્યવહાર કરે છે. તે સંપત્તિના ઉત્પાદન, વપરાશ અને વિતરણ સાથે સંબંધિત છે. આર્થિક પરિબળો આપણા સામાજિક જીવનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વ્યક્તિનો સંપૂર્ણ વિકાસ આર્થિક પરિબળો ઉપર ઘણો આધાર રાખે છે. આર્થિક પરિસ્થિતિ વિના સમાજનો અભ્યાસ તદ્દન અશક્ય છે. તમામ સામાજિક સંસ્થાઓ લોકોની આર્થિક સ્થિતિ સાથે સીધી રીતે જોડાયેલી છે. તેથી જ પ્રો. માર્શલ અર્થશાસ્ત્રને ''એક બાજુ સંપત્તિનો અભ્યાસ અને બીજી તરફ અને વધુ મહત્ત્વની બાજુએ માણસના અભ્યાસનો એક ભાગ'' તરીકે વર્ણવે છે. એ જ રીતે અર્થશાસ્ત્ર સમાજશાસ્ત્રથી પ્રભાવિત છે. સામાજિક પૃષ્ઠભૂમિ વિના અર્થશાસ્ત્રનો અભ્યાસ તદ્દન અશક્ય છે. સમાજશાસ્ત્રીઓએ આર્થિક સંસ્થાના વિવિધ પાસાંઓના અભ્યાસમાં યોગદાન આપ્યું છે. સંપત્તિ પ્રણાલી, શ્રમનું વિભાજન, વ્યવસાયોનું વર્ગીકરણ વગેરે એક સમાજશાસ્ત્રી દ્વારા અર્થશાસ્ત્રીને આપવામાં આવે છે. સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વચ્ચે સહકારનો વિસ્તાર વિસ્તરી રહ્યો છે. અર્થશાસ્ત્રીઓ આર્થિક બાબતો ઉપર ભાર મૂકે છે. જેમ કે અર્થશાસ્ત્રના પિતા એડમ સ્મિથે "The wealth of Nations"ની શરૂઆતમાં જ દર્શાવ્યું છે કે શ્રમ વિભાજન લોકોના નાના કાર્યો વારંવાર કરવાથી શ્રમિક સક્ષમ અને કાર્યકુશળ બને છે. તેનામાં કૌશલ્ય વધતાં ઝડપી કામ કરી સમય અને શક્તિ બચાવે છે. ઉત્પાદન અને ઉત્પાદકતા વધતા રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકમાં વધારો થાય છે તેવું અર્થશાસ્ત્રીય અર્થઘટન છે. જ્યારે સમાજશાસ્ત્ર શ્રમ વિભાજન એટલે કે કામના આધારે અથવા તેની કાર્યકૌશલ્યના કે વિશિષ્ટતાને આધારે જ્ઞાતિપ્રથાના ઉદ્ભવની વાત કરે છે. આમ, શ્રમવિભાજનનો ખ્યાલ અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર બંનેનો સ્પર્શતો મુદ્દો ગણી શકાય. કારણ કે શ્રમની સાથે જ શ્રમિક જોડાયેલો છે. બંને અવિભાજ્ય અંગ છે. શ્રમ અંગે અર્થશાસ્ત્ર અને શ્રમિક સાથે સમાજશાસ્ત્રનો અભ્યાસ સંકળાયેલો છે. આમ, અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના અભ્યાસને સહસંબંધ છે.

આર્થિક પ્રોત્સાહનો વ્યક્તિઓને કાર્ય કરવા માટે પ્રેરે છે. વસ્તુની કિંમતમાં ઘટાડો જે અમુક વસ્તુના વપરાશમાં વધારો કરે છે. છતાં અમુક સમયે પ્રોત્સાહનોની માનવ વર્તન ઉપર કોઈ અસર થતી નથી. અમુક સમયે પ્રતિ-ઉત્પાદક અસર હોય છે. જેમ કે મૃત્યુ દંડની સજા હોવા છતાં સમાજમાં અપરાધ અટકાવી શકાતો નથી. તેવી જ રીતે યુરોપીય દેશોમાં બાળકની સંભાળ નહીં લેતાં મા-બાપને દંડ થાય છે. છતાં માતા-પિતા મોડા આવતા હોય છે. આમ, દંડ એ આર્થિક બાબત હોઈ અર્થશાસ્ત્ર સાથે સંકળાયેલો વિષય છે. જ્યારે

દંડ માટેનું કારણ એ માનવ વર્તન સમાજશાસ્ત્ર સાથે સંકળાયેલું છે. આમ, કારણ અને પરિણામ બંને અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર એટલે કે માનવીય વર્તણૂક એકબીજા સાથે સંકળાયેલાં છે. તેને અલગ કરી શકાય નહિ. આર્થિક વિકાસ અર્થતંત્રની દૃષ્ટિએ વૃદ્ધિનો ઉલ્લેખ કરે છે. જ્યારે સામાજિક વિકાસ એ શિક્ષણ, આરોગ્ય, સામાજિક માળખું વગેરેની દૃષ્ટિએ લોકોની સંપૂર્ણ સુખાકારીનો સંદર્ભ આપે છે.

સમાજશાસ્ત્રીઓ સામાજિક અથવા સમસ્યાઓનો અભ્યાસ કરે છે. જેમકે, ગુલામી, ગરીબી, બેરોજગારી, માનવ વર્તન, પ્રક્રિયાઓ, પ્રવૃત્તિઓ વગેરે સમસ્યાઓના કારણો અને કારણો શોધવા અને ઉકેલવા માટે આર્થિક પરિબળોને ધ્યાનમાં લઈને અભ્યાસ કરવામાં આવે છે. તેથી કહી શકાય કે અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર એકબીજા ઉપર આધારિત છે. અર્થશાસ્ત્રની આર્થિક બાબતો જેવી કે ઉત્પાદન, વહેંચણી, માંગ, પુરવઠો, બચત, વપરાશ, મૂડીરોકાણ, વપરાશવૃત્તિ, વગેરેના સિદ્ધાંતો તેમજ તેના અભ્યાસમાં માનવ સંકળાયેલો છે. સમાજશાસ્ત્ર પણ માનવીને કેન્દ્રમાં રાખી માનવની ઇચ્છા, વર્તણૂક. વ્યવહાર, સામાજિક રીતરિવાજો વગેરેના કેન્દ્રમાં માનવી છે અને તેમાં માનવની આર્થિક પ્રવૃત્તિ રહેલી છે. આમ આર્થિક પરિબળોથી ખૂબ પ્રભાવિત થાય છે. ટૂંકમાં બંને શાસ્ત્રો પરસ્પર નિર્ભર છે. સમાજને વિકાસ અને સમૃદ્ધ કરવામાં એકબીજાને મદદ કરે છે.

દેશ-વિદેશની સામાજિક-આર્થિક સમસ્યાઓના સંશોધન, ઉકેલો તેમજ અસરો અને કારણોનો અભ્યાસ અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર બંને કરે છે. બંને શાસ્ત્રનો અનન્ય સંબંધ રહેલો છે.

અર્થશાસ્ત્રનો સંબંધ સૌથી વધુ સમાજશાસ્ત્ર (Socilogy) સાથે જોવા મળે છે. સમાજના જુદા જુદા વર્ગોની આકાંક્ષાઓ, તેમના જીવનધોરણ, આવકો, સંપત્તિની વહેંચણી વગેરેમાં તાલમેલ હોવો અનિવાર્ય છે. આ સંદર્ભમાં આવકની યોગ્ય ન્યાયી વહેંચણી અને સર્વ સમાવેશી વિકાસની વ્યૂહરચના અગત્યની ગણાય. વળી મહિલા વિકાસ સંદર્ભે સખીમંડળોના અભ્યાસ અગત્યના ગણાય છે. દેશના સમતોલ વિકાસમાં મહિલાઓની આર્થિક ભાગીદારી મહત્ત્વની ગણાય છે.

સમાજશાસ્ત્ર સીધી જ રીતે સમાજ દ્વારા વ્યક્તિઓનો આર્થિક અભ્યાસ કરતું શાસ્ત્ર હોવાથી આંતર વિદ્યા શાખાકીય વિષય છે. આ ઉપરાંત સમાજના લોકોના રીતરિવાજ, ધર્મ, જ્ઞાતિ, કુટુંબપ્રથા વગેરેને કારણે બહુવિદ્યા શાખાકીય અભ્યાસ પણ ગણી શકાય. સમાજના રીતરિવાજો કાયદા-કાનૂન સાથે સંકળાયેલ હોવાથી કાયદો એટલે લૉ ફેકલ્ટીને પણ સ્પર્શે છે.

## 1.14 અર્થશાસ્ત્ર અને આરોગ્ય

આર્થિક વિકાસ પર આરોગ્યની અસરો સ્પષ્ટ છે. નબળી આરોગ્યની સ્થિતિ ધરાવતા દેશોમાં સતત વૃદ્ધિ હાંસલ કરવી મુશ્કેલ લાગે છે. આર્થિક પુરાવા પુષ્ટિ કરે છે કે જન્મ સમયે અપેક્ષિત આયુષ્યમાં 10 ટકાનો સુધારો એક વર્ષમાં 0.3, 0.4 ટકા પોઈન્ટના આર્થિક વૃદ્ધિ સાથે સંકળાયેલ છે. સ્વાસ્થ્ય અને અર્થતંત્ર વચ્ચેની ક્રિયા પ્રતિક્રિયાના સંદર્ભમાં સ્વાસ્થ્યમાં રોકાણ અને આરોગ્ય સંભાળ નીતિઓની રચના પર ધ્યાન આપવું જોઈએ. જેમ આર્થિક વૃદ્ધિ, G.D.P. ની મૂડી રોકાણ અને રોજગાર પ્રણાલી તેના નિયમનકારી માળખા, વેપાર નીતિ એ શ્રમબજારો વગેરેની કામગીરી અને ગુણવત્તામાં ફાળો આપે છે. તેમ આરોગ્ય સંભાળ પણ અર્થવ્યવસ્થાના દરજ્જામાં મોટી ભૂમિકા ભજવે છે. આરોગ્યની કામગીરી માત્ર જીવનધોરણ પર જ નહીં, પરંતુ સ્વાસ્થ્ય પ્રણાલીઓની વાસ્તવિક કામગીરી પર આધારિત છે.

કોઈ પણ દેશની આર્થિક કામગીરી તેની આરોગ્ય કામગીરી સાથે સીધી રીતે જોડાયેલી છે. શ્રીમંત દેશોમાં તંદુરસ્ત વસ્તી છે અને મૃત્યુદર વધુ સારો છે. વિકાસશીલ અને અલ્પવિકસિત દેશો જેમાં ગરીબીની ઊંચી ટકાવારીને લીધે નબળાં આયુષ્યથી પીડાય છે. મુખ્યત્વે શિશુ કુપોષણ અને મૃત્યુદરને કારણે કોઈપણ અર્થતંત્રની રાષ્ટ્રીય આવક પણ આરોગ્ય પ્રણાલીના વિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. કોઈપણ દેશની નબળી આરોગ્ય વ્યવસ્થા સંસ્થાકીય કામગીરીને અવરોધે છે અને વિદેશી રોકાણને પણ અસર કરે છે. ઘણા દેશો કે જેઓ તેમના G.D.P.ને સુધારવા માટે પર્યટન (વિદેશી પ્રવાસીઓ) પર આધાર રાખે છે. તેઓ જીવલેણ રોગને (દા.ત. કોરોના, સ્વાઈનફ્લુ, ડેન્ગ્યુ વગેરે) સમાપ્ત કરવામાં અસમર્થ બને અથવા કોઈ અર્થતંત્ર આ રોગોને નિયંત્રિત કરવા નાણાં અથવા સંશાધનો ન હોય તો તે વિદેશી પ્રવાસીઓ કે પર્યટકોને આકર્ષી શકતા નથી તે અર્થતંત્રની રાષ્ટ્રીય આવકને નીચે લઈ જાય છે. વળી, આરોગ્ય સંભાળ અને અર્થવ્યવસ્થા વચ્ચેનો બીજો સંબંધ લાગુ કરવામાં આવેલી આરોગ્ય નીતિઓ ઉપર આધારિત છે. દા.ત. તમાકુ કે વ્યસની વસ્તુઓ ઉપર વધુ કર લાવીને જાહેર આરોગ્ય નીતિઓને વધુ મજબૂત બનાવે છે. જેમ કે જાહેર સ્થળોએ ધૂમ્રપાન ઉપર પ્રતિબંધ. જે સામાન્ય રીતે વસ્તીના વધુ સારા સ્વાસ્થ્ય તરફ દોરી શકે છે. દેશમાં મંદી, ગૃહયુદ્ધ અને ગરીબીથી પીડિત ગરીબ અર્થવ્યવસ્થાઓ પાસે આરોગ્ય સંભાળ પ્રણાલીને ટેકો આપવાની ક્ષમતા નથી. આનો સીધો અર્થ એ થાય કે હૉસ્પિટલો પાસે દર્દીઓની સંભાળ રાખવા માટે જરૂરી સ્ટાફ નથી અથવા સાધનોને અપગ્રેડ કરવા માટે પૈસા કે નાણાં નથી. આ દેશના અર્થતંત્રને વધુ નબળું પાડે છે. વૈશ્વીકીકરણ અને વેપાર ઉદારીકરણ પણ આરોગ્ય સંભાળને અસર કરે છે. દેશમાં ફાર્માસ્યુટીકલ્સની મર્યાદિત કિંમતો અને વેપારનીતિઓ દ્વારા સરહદો અને વસ્તીમાં ઉન્નત આરોગ્ય દેખરેખની પ્રાથમિક જરૂરિયાત છે.

આર્થિક વૃદ્ધિ અને આરોગ્ય વચ્ચેના સંબંધ બાબતે કેટલાંક ડેટા સ્પષ્ટપણે આરોગ્ય અને G.D.P. વચ્ચે મજબૂત સકારાત્મક સંબંધ દર્શાવે છે કે સારા સ્વાસ્થ્યની સ્થિતિ ધરાવતા દેશોની આવકો ખરાબ સ્વાસ્થ્યની સ્થિતિ ધરાવતા દેશો કરતાં વધુ હોય છે. જે સંબંધને "પ્રેસ્ટન કર્વ" તરીકે ઓળખાય છે. (1975). ઘરની આવક સારા સ્વાસ્થ્ય સુનિશ્ચિત કરવા માટે જરૂરી મૂળભૂત ભૌતિક સંશાધનો જેવાં કે સ્થિર આવાસ, ખોરાક, આરોગ્ય વીમો અને આરોગ્ય સંભાળની એક્સેસને ઘટાડી શકે છે. બગડતાં આર્થિક પરિણામો પણ ખરાબ પર્યાવરણીય પરિસ્થિતિ દા.ત ખરાબ હવામાન, પ્રદૂષણ જેવા તણાવના સંપર્કમાં વધારો કરે છે.

આર્થિક વિકાસ માટે દેશના લોકોનું આરોગ્ય મહત્ત્વનું છે. દેશના અર્થતંત્ર પર ખરાબ સ્વાસ્થ્યનું સીધું પરિણામ તેની માનવમૂડી પર પ્રતિકૂળ અસર થાય છે. અધ્યયનોએ આરોગ્ય અને પોષણમાં સુધારા માટે એક મજબૂત તારણ કાઢ્યું છે કે "આરોગ્ય મૂડી અન્ય પરિમાણો કરતાં સંપત્તિમાં વધુ ફાળો આપે છે." જે દેશમાં સ્વસ્થ બાળકોને શિક્ષણનો વધુ ફાયદો થશે અને ઉચ્ચ કમાણી ક્ષમતા સાથે તંદુરસ્ત પુખ્ત વયના લોકો મોટા થશે જે મૂડીરોકાણને પ્રોત્સાહિત કરશે. વિકાસશીલ રાષ્ટ્રોમાં સંસાધનોનો અભાવ અથવા અપૂરતા માળખા કે કામદારોની ઉત્પાદકતામાં આરોગ્ય એક મહત્ત્વપૂર્ણ પરિબળ છે. કારણ કે નબળું સ્વાસ્થ્ય કાર્યક્ષમતામાં ઘટાડો કરી શકે છે અને શ્રમની ગુણવત્તામાં પણ ઘટાડો કરે છે. તંદુરસ્ત આરોગ્ય ગરીબી નાબૂદીના પ્રયાસો અને ટકાઉ વિકાસ હાંસલ કરવા માટે તમામ નાગરિકોના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે રાષ્ટ્રે યોગદાન આપવું જોઈએ. આરોગ્ય અને આર્થિક પ્રગતિ માટે આરોગ્યને પ્રાધાન્ય આપવાથી અર્થવ્યવસ્થાના પુનઃ નિર્માણમાં મદદરૂપ થશે. શ્રમદળમાં વધારો કરીને અને ઉત્પાદકતામાં વધારો કરીને પાછલી સદીમાં સારા સ્વાસ્થ્યને વૈશ્વિક વૃદ્ધિને વેગ આપ્યો છે. તેવું આર્થિક ઇતિહાસકારોનું તારણ છે.

અર્થશાસ્ત્રનો આરોગ્ય સાથે સંબંધ પોષણ, માલન્યુટ્રિશન, બાળ મૃત્યુદર, જન્મદર, આરોગ્યની જાળવણી, હેલ્થકેર અને એની અસર માનવમૂડી સાથે કાર્યક્ષમતા, સરેરાશ આયુષ્ય, આરોગ્ય અને અર્થશાસ્ત્રમાં માનવીના જીવનધોરણ સંદર્ભે માનવીની સુખાકારી, માનવીનું આરોગ્ય અને માનવીની ઉત્પાદકતા અને કાર્યક્ષમતા સંદર્ભે અભ્યાસ કરવામાં આવે છે. આથી તે આંતરવિદ્યા શાખાકીય વિષય છે. સાથે સાથે મેડિકલ, સાયન્સ બીજી બાજુ M.S.W. ને પણ સ્પર્શતો વિષય હોવાથી તેના અભ્યાસને બહુવિદ્યા શાખાકીય અભ્યાસ ગણી શકાય.

## 1.15 અર્થશાસ્ત્ર અને પર્યાવરણ :

અર્થશાસ્ત્રમાં ઉત્પાદન અને વપરાશના વિશ્લેષણમાં પર્યાવરણીય મુદ્દાઓને ધ્યાનમાં લેવામાં આવે છે. અર્થશાસ્ત્રમાં નાણાકીય નીતિઓના સાધનોની ચર્ચા પર્યાવરણના સંદર્ભમાં કરવામાં આવે છે. ઉત્પાદનના ત્રણ પરિબળો (i) કુદરતી (ii) ભૌતિક અને (iii) માનવીય પરિબળો છે. કુદરતી પરિબળો પર્યાવરણ સાથે સીધા જોડાયેલા છે અને ભૌતિક તેમજ માનવીય પરિબળો પરોક્ષ રીતે પર્યાવરણ સાથે જોડાયેલાં છે. કૃષિ અર્થશાસ્ત્ર, ઔદ્યોગિક અર્થશાસ્ત્ર, પ્રાદેશિક આર્થિક આયોજન, જાહેર નાણાં તેમજ સૂક્ષ્મ અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વગેરેમાં પર્યાવરણીય વિચારણાઓ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. પર્યાવરણ નીતિ એ આર્થિક નીતિનો એક ખૂબ જ મહત્ત્વનો ભાગ બની જાય છે.

પર્યાવરણીય સંશાધનો તેમની ફાળવણી અને તેમના ઉપયોગને આર્થિક ખર્ચ-લાભના સંદર્ભમાં ધ્યાનમાં લેવામાં આવે છે. માંગ અને પુરવઠો, લાભ અને નુકસાન, પર્યાવરણ સંસાધનોનું સંતુલન બધું જ અર્થશાસ્ત્રના સંદર્ભમાં વિશ્લેષણ કરવામાં આવે છે. ઘણાં પર્યાવરણના સિદ્ધાંતો આર્થિક સિદ્ધાંતોના એકીકરણ સાથે વિકસિત થયા છે. જેમ કે પર્યાવરણ સંસાધન આયોજન, ટકાઉ પર્યાવરણ, વિકાસ પર્યાવરણ, પર્યાવરણ ખર્ચ લાભ વિશ્લેષણ, પર્યાવરણ નીતિ, પર્યાવરણ કિંમત નિર્ધારણ, પર્યાવરણ બજેટિંગ, પર્યાવરણીય નાણાકીય વિશ્લેષણ વગેરેનો સમાવેશ અર્થશાસ્ત્રના સિદ્ધાંતોમાં થાય છે. અર્થશાસ્ત્રીઓ મર્યાદિત કુદરતી સંસાધનોના સંદર્ભમાં જરૂરિયાતોની મહત્તમ સંતોષ મેળવવા માટે પર્યાવરણ વિશ્લેષણ માટે માર્ગદર્શન આપી શકે છે. અર્થશાસ્ત્ર પર્યાવરણીય સમસ્યાઓના ઉકેલ માટે વિવિધ માર્ગો અને માધ્યમો દર્શાવે છે. પર્યાવરણીય સમસ્યાઓ મૂળભૂત રીતે માનવસર્જિત છે. આથી અર્થશાસ્ત્રમાં તેના ઉકેલો છે.

આર્થિક સમસ્યાઓ માટે પર્યાવરણીય કારણો અને પર્યાવરણીય સમસ્યાઓ માટે આર્થિક કારણો છે. પર્યાવરણીય સમસ્યાઓ માટે આર્થિક ઉકેલ અને આર્થિક સમસ્યાઓ માટે પર્યાવરણીય ઉકેલ છે. તે જ રીતે આર્થિક સિદ્ધાંતો માટે પર્યાવરણીય સિદ્ધાંતો જરૂરી છે અને પર્યાવરણ સિદ્ધાંતો માટે આર્થિક સિદ્ધાંતો આવશ્યક છે. ઔદ્યોગિક ઘરેલું કચરો, જળપ્રદૂષણ અને વાયુ પ્રદૂષણ મુખ્ય કારણ છે. પ્રદૂષિત ઔદ્યોગિક કારખાનાનું પાણી જમીનમાં ભળી જાય છે અને પ્રદૂષણ સર્જે છે. જે કૃષિ ઉત્તેજનને નુકસાન કરે છે. હવા, જમીન, પાણી, નદી, મહાસાગર વગેરેને જે પ્રદૂષિત કરે છે, તેવી તમામ સાર્વજનિક પ્રદૂષિત ચીજવસ્તુઓને નિયંત્રિત કરવી જોઈએ અને તેના ઉકેલો અર્થશાસ્ત્રમાં છે. વળી જમીન, પાણી, હવા, ઊર્જા સંસાધનો, કોલસો, તેલ, ખનિજો અને ધાતુઓ તેમજ અન્ય ઘણા કુદરતી સંસાધનો પર્યાવરણ પૂરા પાડે છે, કે જે આર્થિક વિકાસ કે વૃદ્ધિ માટે આવશ્યક છે. આ તમામ કુદરતી સંસાધનોનો ઉપયોગ માનવી એટલે કે અર્થશાસ્ત્રની ભાષામાં ગ્રાહકો કરે છે. આમ, માનવજાત અને સજીવસૃષ્ટિ માટે પર્યાવરણ આર્થિક ભૂમિકા ભજવે છે.

બળતણ તરીકે લાકડાંનો ઉપયોગ કરવા માટે વૃક્ષો કાપવા, ખેતીની જમીનનો વધુ પડતો ઉપયોગ પાણીના સંસાધનોનો અને આરોગ્ય સુધારણા સેવાઓનો લાભ લેવાનું ટાળવા

જેવી વિનાશક પ્રવૃત્તિઓમાં સામેલ થવાની ફરજ પાડે છે. તેવી જ રીતે પર્યાવરણીય મુદ્દાઓ સામાજિક પરિબળોમાંથી ઉદ્ભવે છે. દા.ત. વસ્તી વધારાને કારણે આવાસ, આરોગ્ય સંભાળ, સ્વચ્છતા, સલામત શુદ્ધ પાણી, શિક્ષણ, ખોરાક અને વીજળી જેવી મૂળભૂત જરૂરિયાતો પૂરી પાડવા માટે કુદરતી સંસાધનોનો વધુ પડતો ઉપયોગ થાય છે. આમ, અર્થશાસ્ત્ર એટલે કે આર્થિક બાબતો અને પર્યાવરણ જાળવણી એકબીજા સાથે સુદઢ રીતે સંકળાયેલો છે.

પર્યાવરણ બહુવિધાકીય શાખાકીય વિષય છે. જેમ કે બેઝીકલી પર્યાવરણ અને પ્રદુષણ એક રીતે હવામાનશાસ્ત્ર સાથે સંકળાયેલું છે. જે ભૂગોળનો વિષય છે. પણ એનો સંબંધ કેમેસ્ટ્રી સાથે પણ છે. હવા અને જળ એના પ્રદૂષણની પ્રક્રિયા એ કેમિકલ ઘટના છે. તાપમાન વધવું, એસિડિક વરસાદ થવો એ પણ કેમિકલ સાથે સંકળાયેલી છે. પ્રદૂષણ સમસ્યા સામાજિક સમસ્યા છે. એટલે કે સમાજશાસ્ત્ર સાથે સંકળાયેલ છે. પ્રદૂષણ નિયંત્રણના કાયદાઓ કાયદાશાસ્ત્ર સાથે સંકળાયેલા છે. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તેની કામગીરી, તેના ઉપાયો અર્થશાસ્ત્ર સાથે પણ સંકળાયેલા છે. જેમ કે કરનીતિ અને સબસિડી જેવી રાજકોશીય નીતિના ઉપયોગ વડે પ્રદૂષણ નિયંત્રણ કરવામાં આવે છે. પ્રદૂષણ નિયંત્રિત કરવા માટેના વહીવટી ખર્ચ તથા પર્યાવરણ જળવાઈ રહે તે માટેની સાધનસામગ્રી અને વ્યવસ્થાઓમાં થતાં ખર્ચ એ જાહેર ખર્ચનો વિષય બને છે. આમ, પર્યાવરણ અને પ્રદૂષણ એ અર્થશાસ્ત્ર સાથે સંકળાયેલ ખૂબ જ મહત્ત્વનો વિષય છે. આ સંદર્ભમાં કેટલાંક આંતરવિદ્યા શાખાકીય અને બહુવિદ્યા શાખાકીય અભ્યાસો અને સંશોધનો થતાં હોય છે. પર્યાવરણ એ અર્થશાસ્ત્ર સાથે સીધી રીતે સંકળાયેલો અભ્યાસ છે અને તે કેમેસ્ટ્રી, રસાયણશાસ્ત્ર, પ્રદૂષણના સંદર્ભમાં સંકળાયેલ છે. વળી, પ્રદૂષણ નિયંત્રણના કાયદાઓને લીધે તે કાયદા સાથે સંકળાયેલ છે. તેમજ સરકારે પર્યાવરણ જાળવણી અને પ્રદૂષણ નિયંત્રણ માટે કેટલાંક ખર્ચાઓ કરવાના થતા હોય છે એટલે કે તે સંદર્ભે રાજકોશીય નીતિમાં જાહેર ખર્ચ થતો હોવાથી તે બહુવિદ્યા શાખાકીય અભ્યાસ ગણી શકાય.

## 1.16 અર્થશાસ્ત્ર અને કાયદો :

કાયદો અને અર્થશાસ્ત્ર એ બે ક્ષેત્રો એકબીજા સાથે તદ્દન અસ્પષ્ટ રીતે જોડાયેપાં છે. રીતરિવાજ, સાર્વભૌમત્વ અને અછત જેવા વિવિધ ખ્યાલો કાયદા અને અર્થશાસ્ત્ર બંને સાથે સંકળાયેલા છે. મિલકત અને કરારની આસપાસના સિદ્ધાંતો સમાન છે. કાયદો અને અર્થશાસ્ત્ર વિશેષ કરીને આર્થિક વિકાસમાં કાયદો અને કાનૂની પ્રણાલીઓની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની છે. આર્થિક વિશ્વમાં રાજ્યનું પ્રાથમિક કાર્ય કાયદા અને નિયમો ઘડવાનું અને લાગુ કરવાનુ છે. જે દેશના આર્થિક વિકાસને વેગ આપે છે અને ખાનગી ક્ષેત્રની જરૂરિયાતો અને મૂલ્યો જાહેર ક્ષેત્રની કામગીરીને આગળ ધપાવે છે. દેશમાં આર્થિક વિકાસ માટે કાયદાની બે ભૂમિકાઓ છે. સૌ પ્રથમ ફાળવણીનું પરિમાણ છે. જેના દ્વારા કાયદો નક્કી કરે છે કે કયા સંસાધનો ક્યાં મૂકવાના છે. સશાધનો ક્યાંથી આવશે અને તેનો શું ઉપયોગ કરવામાં આવશે વગેરે કાયદો નિર્ધારિત કરે છે. રાજ્ય સંસાધનોની ફાળવણી કરશે કે બજાર દળો કરશે તે પોતે નક્કી કરે છે. પ્રક્રિયાગત પરિમાણ નક્કી કરે છે કે કાનૂની અમીલરણ કેટલું કાર્યક્ષમ છે અને કાયદાની સંસ્થાઓ આર્થિક વૃદ્ધિ અને વિકાસ હાંસલ કરવાના ઉદ્દેશ્ય સાથે સુસંગત રીતે કામ કરી રહી છે કે કેમ ? પ્રણાલી ક્યાં તો વિવેકાધીન હોઈ શકે છે. જ્યાં રાજ્ય તેમની ઇચ્છા મુજબ કાયદામાં ફેરફાર કરી શકે છે અથવા નિયમ આધારિત હોઈ શકે છે. જ્યાં તેમણે અમુક કાયદાકીય નિયમો અથવા સિદ્ધાંતોનું પાલન કરવું પડશે. કાયદાઓ અને કાનૂની પ્રણાલીઓના આ બે પાસાંઓ મોટા ભાગે દેશના આર્થિક વિકાસના નિર્ણાયક છે. દેશના શ્રેષ્ઠ આર્થિક વિકાસ માટે બજાર

નિર્ધારીત ફાળવણી કાર્ય અને નિયમ આધારિત પ્રક્રિયાગત કાર્ય હોય તેનું પ્રાધાન્ય છે.

આર્થિક વિકાસને અસરકર્તા કાયદાઓ અને કાનૂની પ્રણાલીઓ વચ્ચેના જોડાણ પર ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ હામિદ અંસારીએ પણ ભાર મૂક્યો હતો. જેમણે બિહાર ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝમાં સમજાવ્યું હતું કે કાયદાનું શાસન વિદેશી રોકાણોને આકર્ષવા અને આર્થિક વૃદ્ધિ માટે પૂર્વ શરત છે. આમ, કાયદો અને અર્થશાસ્ત્ર એટલે કે આર્થિક વૃદ્ધિ એકબીજા સાથે સંકળાયેલા છે. ભારતમાં કાયદો અને કાનુની પ્રણાલીઓ વચ્ચેનો સંબંધ અને આર્થિક વિકાસ બે વ્યાપક દાવાઓ પર દોરવામાં છે. પહેલો દાવો એ છે કે 'કાયદો' ફર્મની તેની નાણાકીય પહોંચ અને તેના કામકાજ માટે મૂડી એકત્ર કરવાની ક્ષમતા નક્કી કરે છે. બીજું એ કે દેશની કાનૂની પ્રણાલી અને કાનૂની મૂળ દેશની પરિવર્તનશીલતા તેના નિયમો અને નિયમોને અપનાવવા અને વિકસિત કરવા માટે સુગમતા નક્કી કરવામાં મોટી ભૂમિકા ભજવે છે. રોકાણકારોનું રક્ષણ કરવા માટેની કાનૂની પ્રણાલીની કાર્યક્ષમતા અને બાહ્ય ફાયનાન્સ માર્કેટના વિકાસ વચ્ચે સીધો સંબંધ હોવાથી ભારતમાં ઇક્વિટી રોકાણકારોના રક્ષણની આસપાસ ફરતા કાયદામાં ઝડપથી વધારો થયો છે. બીજું, ફાર્માસ્યુટિકલ અથવા સૉફ્ટવેર ઉદ્યોગો જેવા ઇક્વિટી ફાઈનાન્સની આસપાસ કેન્દ્રિત ઉદ્યોગો, ભારે ઉત્પાદન ઉદ્યોગો જેવા ડેટ ફાઈનાન્સ પર નિર્ભર ઉદ્યોગો કરતા તુલનાત્મક રીતે વધુ વિકસ્યા છે. કાયદાકીય પ્રણાલીની ભૂમિકા અને ઉદ્યોગોના વિકાસ વચ્ચે કડી બનાવવા ડેટા ફાઈનાન્સ સાથે સરખામણી કરવામાં આવે ત્યારે ઇક્વિટી ફાઈનાન્સ વધારવાની પ્રક્રિયાને વધુ સારી બનાવવા માટે મજબૂત કાયદા ઘડવામાં આવ્યા છે. રોકાણ અને ઇક્વિટી ફાઈનાન્સને દેશના આર્થિક વિકાસને નિર્ધારીત કરવા માટે મહત્ત્વ આપવામાં આવે છે. કારણ કે તે માંગ બનાવે છે. નવી તકનિકનો પરિચય આપે છે. ઉત્પાદકતામાં વધારો કરે છે. રોજગારીની તકો પેદા કરે છે અને ક્ષમતા વધારે છે તેથી એ નોંધવું અગત્યનું છે. જ્યારે આપણે ભારતમાં આર્થિક વિકાસ પર કાયદા અને કાનૂની પ્રણાલીઓની અસરનું વિશ્લેષણ કરીએ છીએ. ત્યારે રોકાણનીતિઓ પરની અસરનું વિશ્લેષણ એ બંને વચ્ચે પૂરતી કડી છે. 2019ના આર્થિક સર્વેક્ષણ દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે કે જેમાં ભારતીય અર્થતંત્ર માટે રોકાણ આધારિત વિકાસ મોડલને વધુ ઉત્તેજિત કરવા કાયદાકીય પ્રણાલીની સુધારણાના મહત્ત્વ પર ભાર મૂકવામાં આવ્યો છે.

ભારતીય G.D.P. માં સેવા ક્ષેત્રનો ફાળો 53.89 ટકા છે. સેવા ઉદ્યોગો સામાન્ય રીતે એવી પેઢીઓ હોય છે કે જેઓ પાસે ડેટા ફાઈનાન્સ વધારવા માટે કોલેટરલ તરીકે ઓફર કરવા માટે મૂર્ત અસ્ક્યામતો હોતી નથી. જે ઇક્વિટી ફાઈનાન્સને મૂડીનો મુખ્ય સ્રોત બનાવે છે. ઇક્વિટી ફાઈનાન્સ પરના કાયદાના ભારતના મજબૂત અમલને કારણે દેશમાં નફાકારક ઉદ્યોગોમાં રોકાણની વૃદ્ધિ થઈ છે અને આ રીતે દેશના આર્થિક વિકાસમાં ફાળો આપ્યો છે. એડમ સ્મિથ જેમને અર્થશાસ્ત્રના પિતા તરીકે ગણવામાં આવે છે તેમણે સ્વહિતનો કાયદો, સ્પર્ધા (હરીફાઈ)નો કાયદો અને માંગ અને પુરવઠાનો કાયદો એમ ત્રણ નિયમો (કાયદા) ઉપર વધુ ભાર મૂકી અર્થશાસ્ત્રના સિદ્ધાંતો સમજાવ્યા છે. કાર્લ માર્ક્સ સાથે સંકળાયેલો કાયદો શ્રમજીવીઓના શોષણ પર માત્ર એક શણગાર છે. ક્રાંતિ પછી કાયદાનું છેલ્લું કાર્ય મૂડીવાદને નાબૂદ કરવાનું રહેશે તેવું સ્પષ્ટ મંતવ્ય આપ્યું હતું. અર્થશાસ્ત્રના કાયદા શરતી હોય છે અને તે સંખ્યાબંધ લાયકાતો અને ધારણાઓ સાથે સંકળાયેલા હોય છે અને આ ધારણાઓ અને લાયકાત સામાન્ય રીતે "અન્ય વસ્તુઓ સમાન રહે છે." જે અર્થશાસ્ત્રના દરેક કાયદા અને સિદ્ધાંત સાથે જોડાયેલા હોય છે.

કાયદો અને અર્થશાસ્ત્ર કાનૂની સમસ્યાઓ માટે માઈક્રો-ઇકોનોમિક વિશ્લેષણના ઉપયોગનો સંદર્ભ આપે છે. અર્થશાસ્ત્ર અને કાયદાનો વિકાસ પરસ્પર વિશિષ્ટ નથી પરંતુ

પૂરક છે. કાયદો અને અર્થશાસ્ત્ર વચ્ચે અમુક ચોક્કસ પ્રકારનો સંબંધ છે. સમાજમાં આવિકારો અને ફરજો બંને સમાન રીતે મહત્ત્વપૂર્ણ છે. મૂળભૂત અધિકારો અને સ્વતંત્રતા અને અમુક સુરક્ષાની ખાતરી આપે છે. સમાજના વિકાસ માટે તેના મૂળભૂત અધિકારો આવશ્યક છે.

વેપારી નેતાઓએ એવા કાયદાઓનો વિરોધ કર્યો છે જે યુનિયનો (સંગઠનો) બનાવવાની મંજૂરી આપે છે. વેપારી નેતાઓ માને છે કે યુનિયનો વધુ પૈસા અને લાભો માંગશે. કારણ કે તેઓ સંગઠિત છે. વેપારી નેતાઓનું માનવું છે કે યુનિયનો વધુ પગાર કે પૈસાની માગણી કરશે ત્યારે કંપનીને આર્થિક નુકસાન થશે. આથી વેપારી નેતાઓએ એવા કાયદાઓને સમર્થન આપ્યું છે જે સામુહિક સોદાબાજીમાં ઘટાડો કરે છે. યુનિયનોનું અસ્તિત્વ અથવા રચના કરવાનું મુશ્કેલ બનાવે છે અને તે માટે લોકો અથવા વ્યવસાયને જાહેર કરવાની જરૂર છે કે વ્યક્તિ અથવા વ્યવસાય કોને રાજકીય યોગદાન આપી રહ્યો છે.

કાયદાએ આર્થિક વિકાસમાં અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવી છે. જાહેર વિત્ત વ્યવસ્થા, પર્યાવરણ જાળવણી અને પ્રદૂષણ નિવારવા માટેના કાયદાઓ ઘડવા, ગ્રાહક સુરક્ષા અંગે ઉદ્યોગ ફેક્ટરી દ્વારા પ્રદૂષણ ન ફેલાય તે માટે કાયદો ઘડવો અને અમલ કરાવવા માટે મેનેજમેન્ટ કે મર્કેન્ટાઈલ નિયમો સૂચવે છે. આથી કાયદો એ બહુ વિષયોનો અભ્યાસ હોવાથી બહુવિદ્યા શાખાકીય અભ્યાસ ગણાય.

## 1.17 બિઝનેશ એડમિનિસ્ટ્રેશન (ધંધાકીય સંચાલન) :

બિઝનેશ એડમિનિસ્ટ્રેશન એટલે કે ધંધાકીય સંચાલન એ ઉચ્ચ કક્ષાના મેનેજરો તૈયાર કરે છે. તેમજ ધંધાકીય વહીવટ, કંપનીઓના સંચાલન, નાણાકીય સંસ્થાઓ તથા વાણિજ્ય સંસ્થાઓના સંચાલન માટેના તજજ્ઞો તૈયાર કરવામાં આવે છે. ધંધા ઉદ્યોગ એ અર્થશાસ્ત્રનો જ એક ભાગ છે. મહદ્અંશે સંગઠિત ક્ષેત્રોમાં સમાવેશ એવો કોર્પોરેટ એકમ, નાણાકીય સંસ્થાઓ એ અર્થતંત્રનો મહત્ત્વનો હિસ્સો છે. કોર્પોરેટ જગતના સંચાલન માટે અર્થશાસ્ત્રના સિદ્ધાંતોનું અને વિવિધ આર્થિક સમસ્યાઓનું વિસ્તૃત જ્ઞાન હોવું ખૂબ આવશ્યક છે. દેશ અને વિદેશના આર્થિક પ્રવાહોની જાણકારી ધંધાકીય સંચાલકો માટે અતિ આવશ્યક આથી જ B.B.A. અને M.B.A.ના અભ્યાસક્રમોમાં Macro Economics, Micro Economics (સમગ્રક્ષી અને એકમલક્ષી અર્થશાસ્ત્ર) આર્થિક વિકાસના સિદ્ધાંતો તથા આંતરરાષ્ટ્રીય વેપારના સિદ્ધાંતો તેમજ દેશ અને દુનિયાના આર્થિક પ્રવાહોને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવે છે.

## 1.18 અર્થશાસ્ત્ર અને માસ્ટર ઑફ સોશિયલ વર્કર (M.S.W.) :

અર્થશાસ્ત્ર અને સમાજકાર્ય (M.S.W., B.S.W.) બંને સમાજમાં વ્યક્તિઓની સુખાકારી સાથે સંબંધિત છે. અર્થશાસ્ત્ર આપણી આર્થિક સમસ્યાઓનું સમાધાન આપે છે. સામાજિક કાર્ય પણ માનવીની જરૂરિયાતો-ઇચ્છાઓનો અભ્યાસ કરે છે. આર્થિક વિકાસ એ એવા કાર્યક્રમો, નીતિઓ અથવા પ્રવૃત્તિઓ છે જે સમુદાય માટે આર્થિક સુખાકારી અને જીવનની ગુણવત્તા સુધારવાનો પ્રયાસ કરે છે. સામાજિક કાર્ય અને સમાજશાસ્ત્ર વચ્ચેનો સંબંધ જોઈએ સમાજશાસ્ત્ર સંશોધન અને તેના તારણો પ્રસ્તુત કરવા પર કેન્દ્રિત છે જ્યારે સામાજિક કાર્ય વ્યક્તિઓ, પરિવારો અને જૂથોને સામાજિક સેવાઓ પ્રદાન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. સામાજિક કાર્યકરો વિવિધ પ્રકારની નીતિઓ ન્યાયી છે કે કેમ ? તેમજ તે લોકોની જરૂરિયાતો પૂર્ણ કરે છે કે કેમ તેના પર ધ્યાન કેન્દ્રિત કરે છે. અર્થશાસ્ત્રીઓ માનવીની જરૂરિયાતોની કાળજી લે છે.

માસ્ટર ઑફ સોશ્યલ વર્ક તથા ગ્રામ્ય અભ્યાસ સમાજકાર્ય તથા ગ્રામીણ અભ્યાસ (BRS – MRS) આ બે વિષયો સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ ભણાવાય છે. આ બંને વિષયો સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલાં છે. જેમ કે ગ્રામીણ અભ્યાસમાં ગ્રામ અર્થતંત્ર, ગ્રામ આરોગ્ય, કૃષિ અર્થશાસ્ત્ર, ગ્રામ્ય કક્ષાએ આંતર માળખું, ગ્રામીણ ક્ષેત્રે સામાજિક આંતર માળખું જેવા મુદ્દાઓ અર્થશાસ્ત્ર સાથે સંકળાયેલ છે. સમાજકાર્ય એ ઘનિષ્ટ રીતે સમાજશાસ્ત્ર સાથે સંકળાયેલ છે. કારણ કે ગરીબ, પછાત, પીડિત, શોષિત અને ઉપેક્ષિત એવાં વિવિધ વર્ગોમાં જે તે વર્ષના કલ્યાણ હેતુથી સમાજકાર્ય કરવામાં આવે છે. સરકારની અને જુદી જુદી સ્વૈચ્છિક સંસ્થાઓની કલ્યાણકારી યોજનાઓના નામ જુદા જુદા વર્ગોમાં પહોંચાડવામાં આવે છે. અહીં ગરીબી, કલ્યાણકારી યોજનાઓ, સહાયક યોજનાઓ, વિકાસલક્ષી યોજનાઓ વગેરેનું જ્ઞાન હોવું જરૂરી છે. આ સંદર્ભમાં સમાજકાર્યના અભ્યાસમાં અર્થશાસ્ત્રના જુદા જુદા મુદ્દાઓનું જ્ઞાન આવશ્યક ગણાય છે.

B.S.W. M.S.W., B.R.S. M.R.S. વગેરે ગ્રામીણક્ષેત્રે સમાજની આર્થિક સ્થિતિ, જીવનધોરણ, આરોગ્ય, પોષણ વગેરેની સંલગ્નતા અર્થશાસ્ત્ર સાથે અને મૅડિકલ લાઈન, હેલ્થ, બાળ મૃત્યુદર, જન્મદર, માનવ વિકાસ આંક આ બધા જ અર્થશાસ્ત્ર સાથે સંકળાયેલ છે. એટલે આંતરવિદ્યા શાખાકીય વિષયની સાથે બહુવિદ્યા શાખાકીય વિષય પણ ગણી શકાય.

## 1.19 અર્થશાસ્ત્ર અને ધર્મ :

વિકાસશીલ દેશોમાં ધર્મ પાછળ પુષ્કળ ખર્ચ કરવામાં આવે છે. અર્થશાસ્ત્રની દૃષ્ટિએ આ બિન ઉત્પાદક ખર્ચ ગણાય છે. જે બચત અને મૂડીરોકાણ દરમાં ઘટાડો પ્રેરે છે. ધાર્મિક માન્યાતાઓએ પણ સમાજશાસ્ત્રનું મહત્ત્વનું અંગ ગણાય. ધાર્મિક માન્યતા અનુસાર ઘણા બધા લોકો ઉધમ (મહેનત), શ્રમ અને કર્મને બદલે નસીબવાદ કે પ્રારબ્ધવાદને મહત્ત્વ આપે છે. તેથી અર્થતંત્રમાં અને લોકોની પ્રવૃત્તિઓમાં ગતિશીલતા અવરોધાય છે. તેમજ ગરીબોની આર્થિક સ્થિતિમાં ખાસ ફેરફાર થતો નથી. વિકાસલક્ષી અર્થશાસ્ત્રી આર્થર લેવિસે લખ્યું છે કે અલ્પવિકસિત દેશોમાં ગરીબીને કારણે મંદિરો કે ધર્મસ્થાનો બાંધવાનું કામ અટકતું નથી. આથી ગરીબ દેશોમાં બચતો ઓછી અને રોકાણક્ષમતા પણ ઓછી છે તેવું માની શકાય નહીં. વાસ્તવમાં સામાજિક અને ધાર્મિક પરિબળોને કારણે બચત અને મૂડીરોકાણના સ્વરૂપ બદલાઈ જાય છે. જે આર્થિક વિકાસને અવરોધે છે.

## • સમીક્ષા :

વિવિધ વિષયો શુદ્ધ રીતે અન્ય કોઈપણ વિષયની તદ્દન અલિપ્ત હોય તેવું બની શકે નહિ. કોઈપણ વિષય એક યા વધુ વિષયો સાથે વધતે-ઓછે અંશે સંકળાયેલો હોય છે. અર્થશાસ્ત્ર એક એવો વ્યાપક વિષય છે કે જે માનવજીવનના વિવિધ પાસાંઓ સાથે એક યા બીજા સ્વરૂપે પ્રત્યક્ષ કે પરોક્ષ સ્વરૂપે જોડાયેલો હોય છે. આથી જ અર્થશાસ્ત્ર વિષય એ આંતરવિદ્યા શાખાકીય સંલગ્નતા અને બહુવિદ્યા શાખાકીય સંલગ્નતા ધરાવે છે. કોઈ એક જ વિષયમાં ઘનિષ્ઠ સંશોધન થાય તે પૂરતું ન ગણાય. અને તેથી જ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન ઈન્ટર ડિસિપ્લિનરી સંશોધન ઉપર ભાર મૂકે છે. ઘણાં રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય કક્ષાના સેમિનાર, કોન્ફરન્સ તથા વર્કશોપમાં કેટલાંક Inter Disciplinary વિષયો પસંદ કરીને તેમાં વિવિધ વિદ્યાશાખાઓના સંશોધન પેપર રજૂ થતા હોય છે. આવા Inter Disciplinary વિષયોના ચર્ચા સત્રો વધુ પ્રમાણમાં યોજાય તો બહુ વિદ્યાકીય જ્ઞાનનો પ્રસાર-પ્રચાર થાય.

## ● સંદર્ભસુચિ

### References


- સેડેફ સેન 2012, ''મનોવિજ્ઞાન અને અર્થશાસ્ત્ર વચ્ચેનો સંબંધ'' વર્કિંગ પેપર્સ 0001, ઓકાન યુનિવર્સિટી રિસર્ચ સેન્ટર ફોર ફાઈનાન્સિયલ રિસ્ક, ઓકેએફઆરએએમ, માર્ચ, 2012.
- Stavnos Drakopoulos [National and Kapodistaing Univerity of Athens and Loannis Katselidis. Athens University of Econoics and Business. "The Relationship betwen Psychology and Economics : Insights from the Hisotry of Economics thought. March, 2017.
- Sanjay Das "The Relationship Between Health Care and Economy. Article Health care, January 4, 2019.
- https//Journels plos.org.plosmedicine.article.journal, 2 spet. 2020
- https//byjus com Z commerce > Stastics.for economics.
- Wikipedia, The free encyclopedia "Economic Statistics."
- https\\web.CCSu edu : faculty>kyem>Geogllo>Eco.
- https\\en.wikipedia.org>wiki>economics–geography
- Akina Venkateshwarly, Associate Professor in Economcs, Retired at Degree College, Telangana State 1987. "What is the relationship between economics and sociology ?"
- Ahmedabad Kabir, Assistant Professor, Central Universitry of South Bihar Gaya.
- https//www.livemint.com. Politics healthcare and Economics 18 April, 2016.
- Economic geopraphy - Wikipedia